# M. S. CO-OPERATIVE BANK LIMITED

Registration No: SE 28925 - Date : 07-12-1996 | RBI Licence No: UBD.GUJ 0029P - Date : 21-06-2007

25

CELEBRATING 25 YEARS

1997 - 2022

PROUDLY CO-OPERATIVE

# M. S. CO-OPERATIVE BANK LIMITED

M. S. Plaza, Abhilasha Char Rasta, New Sama Road, Vadodara, Gujarat - 390024.

0265 - 271 34 33/ 34/ 35/ 36 E-mail : ho@mscbank.co.in website: www.mscobank.com

# એમ. એસ. કો. ઓપ.બેંક લિ. - રજત જયંતિ પર્વ (1997 - 2022)




હેડ ઓફીસ :







## નિઝામપુરા શાખા :






## ગોત્રી શાખા :






માંજલપુર શાખા :

## સુભાનપુરા શાખા :


M. S. Co-operative Bank Limited
Fully Computerised with Safe Deposit Vault
અમારી બી

# બોર્ડ ઓફ ડિરેક્ટર્સ



ભૂપેન્દ્ર પટેલ
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

apro/hi/2021/12/16/vj

તા. ૧૬-૧૨-૨૦૨૧

## સંદેશ

સહકાર અને વિશ્વાસની રજત જયંતિ, પ્રતિષ્ઠા અને પરંપરાનાં પચ્ચીસ વર્ષનો ઇતિહાસ લઈ **M. S. Co-operative Bank Ltd** સફરતાની શાખ અને શાખાઓમાં વૃદ્ધિના ઉજળા વર્તમાન સાથે આગળ વધે એ આનંદની વાત છે.

બેંકિંગ એક આવશ્યક સેવા છે. સેવા સહકાર અને નિયમિતતા સાથેની  ગ્રાહક સેવાને પરંપરા બનાવી આપેલું પ્રદાન, કર્મચારી અને સંચાલકોની મૂડી બને ત્યારે ઉજવણીમાં આદર-સન્માનનું ઉમેરણ થાય છે.

રજત જયંતિના રૂપેરી અવસરે **M. S. Co-opreative Bank** ને મારી શુભેચ્છા સહ અભિનંદન પાઠવું છું.

આપનો,

(ભૂપેન્દ્ર પટેલ)

To,
**Shree Manibhai D. Patel,** *Chairman,*
M. S. Co-operative Bank Ltd, Vadodara,
M. S. Plaza, Abhilasha Char Rasta,
New Sama Road, Vadodara-390024
Email : ho@mscbank.co.in

# એમ. એસ. કો. ઓપ.બેંક લિ. - રજત જયંતિ પર્વ (1997 - 2022)

**જગદીશ વિશ્વકર્મા (પંચાલ)**

ક્રમાંક: સ.કુ.ઉ.મં.(પ્રો.)(રા.)
ઉ.વ.પ.અને.ક્લા.ચે.રા.ક.ના.મં./૫૫/૨૦૨૨

**રાજ્યકક્ષાના મંત્રી,**
**સહકાર, કુટિર ઉદ્યોગ, મીઠા ઉદ્યોગ અને પ્રોટોકોલ (સ્વતંત્ર હવાલો),**
**ઉદ્યોગ, વન, પર્યાવરણ અને ક્લાઇમેટ ચેન્જ, પ્રિન્ટીંગ અને સ્ટેશનરી (રાજ્યકક્ષા)**
**ગુજરાત સરકાર**
સ્વર્ણિમ સંકુલ-૨, પ્રથમ માળ, સચિવાલય, ગાંધીનગર.
ફોન નં. : (ઓ) : (૦૭૯) ૨૩૨૫ ૫૯૦૫/૦૬ થી ૫૫
(ફેક્સ) : (૦૭૯) ૨૩૨૫ ૫૯૦૬

તારીખ : ૨૫. ૨. ૨૦૨૨

**શુભેચ્છા સંદેશ**

**સ્નેહીશ્રી,**

**એમ.એસ.કોઓપરેટીવ બેંક લી.,** વડોદરા જિલ્લા શહેરી નાગરીક બેંકોમાંની સર્વોત્તમ બેંકોમાંની એક બેંક છે. સંસ્થાપકો દ્વારા વર્ષ 1996, ડીસેમ્બર માસમાં એક શાખાની સ્થાપનાથી કામગીરી શરૂ કરી, અવિરત પ્રગતિ અને સેવા સહકારની ભાવનાથી ચાર શાખાઓ સુધીનો વિસ્તાર કર્યો છે તે જાણીને ખૂબજ ગર્વ અને આનંદની લાગણી અનુભવું છુ. **બેંકની સ્થાપનાને 25 વર્ષ પૂર્ણ થતાં રજતજયંતિ પર્વની ઉજવણી** પ્રસંગે બેંક સાથે જોડાયેલ તમામ આગેવાન મિત્રોને સહૃદય અભિનંદન પાઠવું છુ.

સહકારી આંદોલનને વેગ આપવા ભારતના લોકલાડીલા વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**ના નેતૃત્વમાં સહકાર મંત્રાલયની રચના કરવામાં આવી છે અને મંત્રાલયની કમાન **શ્રી અમિતભાઈ શાહ** ને સોંપવામાં આવી છે. દેશમાં સહકારી ચળવળને મજબૂત કરવા માટે એક અલગ વહીવટી, કાનૂની અને નીતિગત માળખું પૂરું પાડવું, સહકારી સંસ્થાઓને પાયાના સ્તર સુધી પહોંચતા લોકો આધારિત ચળવળ તરીકે સહકાર આપવા અને સહકાર માટે **'વેપારમાં સરળતા'** અને **'સહકાર થી સમૃદ્ધિ'** એ મુખ્ય મંત્ર છે. પ્રધાન મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના **"સબકા સાથ, સબકા વિકાસ"** ના સ્વપ્નને સાકાર કરવા આપણા લોકલાડીલા મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ હરહંમેશ ચિંતા કરતા રહ્યા છે ત્યારે બેંક સાથે સંકળાયેલા આગેવાન મહાનુભાવો અને ટીમ દ્વારા કરવામાં આવતી કામગીરી આવકાર્ય છે.

**સૌની કુશળતા ઈચ્છુ છું.**

આપનો,

**જગદીશ વિશ્વકર્મા (પંચાલ)**

**પ્રતિ,**
**શ્રી મણીભાઈ ધનજીભાઈ પટેલ**
ચેરમેનશ્રી, એમ.એસ.કોઓપરેટીવ બેંક લી., વડોદરા
એમ.એસ.પ્લાઝા, અભિલાષા ચાર રસ્તા,
ન્યુ સામા રોડ, વડોદરા.

# એમ. એસ. કો. ઓપ.બેંક લિ. - રજત જયંતિ પર્વ (1997 - 2022)


મનીષા વકીલ

રાજ્યકક્ષાના મંત્રી,
મહિલા અને બાળ કલ્યાણ (સ્વતંત્ર હવાલો)
સામાજિક ન્યાય અને અધિકારીતા (અ.જા.ક.),
ગુજરાત સરકાર
સ્વર્ણિમ સંકુલ-૨, ચોથો માળ,
સચિવાલય, ગાંધીનગર-૩૮૨ ૦૧૦.
ફોન નં. (ઓ) ૦૭૯-૨૩૨ ૫૦૨૮૫
(ફેક્સ) નં. ૦૭૯-૨૩૨ ૫૦૨૮૮


તારીખ : 20 DEC 2021



## શુભેચ્છા સંદેશ

શ્રીમાન,

"એમ.એસ. કો. ઓપરેટીવ બેન્ક લિ." વડોદરા જીલ્લાની શહેરી નાગરીક બેંકની સ્થાપનાને 25 વર્ષ પૂર્ણ થયેલ છે. તેના રજતજયંતિ પર્વની ઉજવણીના પ્રસંગે અભિનંદન પાઠવું છું.

આપની બેંક 1996 થી પ્રશંસનીય કામગીરી કરી રહેલ છે આ સાતત્યપૂર્ણ કામગીરી વ્યવસ્થાકોની નિષ્ઠાઓની જીજ્ઞાસાનું પરિણામ છે.

રજતજયંતિ મહોત્સવ પ્રસંગે બેંકના સૌ વહિવટકર્તાઓ, સંકલિત સૌ કોઇને પુનઃ અભિનંદન પાઠવું છું.

હાર્દિક શુભેચ્છાઓ સહ

(મનીષા વકીલ)




નિવાસ સ્થાન : બંગલા નં. ૨૬, મંત્રીશ્રીઓના નિવાસસ્થાન, સેક્ટર-૨૦, ગાંધીનગર - ૩૮૨ ૦૨૦
ફોન નં. : (૦૭૯) ૨૩૨ ૫૮૬૨૮, ૨૩૨ ૫૮૬૨૯

રંજનબેન ભટ્ટ
સાંસદ
વડોદરા લોકસભા, ગુજરાત

તા: ૨૦/૦૧/૨૦૨૨

પ્રતિશ્રી
એમ.એસ. કો ઓપરેટિવ બેન્ક લિમિટેડ
વડોદરા

વિષય: **શુભેચ્છા સંદેશ**

સહકારી જ્ઞાન એ શ્રેષ્ઠ જ્ઞાન છે. યુવાનો સહકારી પ્રવૃત્તિના લાભા-લાભથી વાકેફ થાય સામાજિક જીવન સાથે સહકાર અને સહકાર સાથે સામાજિક જીવન જોડાયેલ છે. સહકાર દ્વારા જ કુટુંબ અને સમાજનો વિકાસ થઈ શકે છે. મહિલાઓમા બચત, કરકસર અને સહકારના ગુણો રહેલા છે. સહકારી સાહસ જ મહિલાઓને સશક્ત બનાવે છે

અપાર હર્ષ અને લાગણી થાય છે જાણી ને કે એમ.એસ.કો ઓપરેટિવ બેન્ક લી વડોદરા જિલ્લાની શહેરી નાગરિક બેન્ક અગ્રણી બેન્કોમાંની એક ઓપરેટિવ બેન્ક 25 વર્ષ થી કાર્યરત છે. જેઓ વર્ષ ૧૯૯૬ ડિસેમ્બર થી અવિરત સેવા આપી રહ્યા છે એમ.એસ.કો ઓપરેટિવ બેન્ક ૧૯૯૬ના સ્થાપના પહેલા મહેસાણા સમાજ સહાયક સહકારી મંડળી તરીકે પણ સેવા આપેલ છે. જેઓ પોતાના ૨૫માં વર્ષના મંગળ પ્રવેશમાં રજતજયંતિ પર્વની ઉજવણી કરવા જઈ રહ્યા છે જે શુભ અવસરે હું એમ એસ કો ઓપરેટિવ બેન્ક લિમિટેડ તથા તેમની સમગ્ર ટીમ ને અનેકોઅનેકગણી શુભેચ્છા પાઠવું છે તથા મારી હૃદયપૂર્વકની લાગણી વ્યક્ત કરું છું.

લી

રંજનબેન ભટ્ટ
(સાંસદ-વડોદરા-લોકસભા)

ઓફીસ : ૧૩૫, ગાયત્રીનગર સોસાયટી, કૈલાસપતિ મહાદેવ મંદિરની સામે, ન્યુ સમા રોડ, વડોદરા - ૩૯૦ ૦૦૨.
મોબાઈલ : 098250 70711, 0-90138 69131 ઈ-મેઈલ : ranjanbhatt135@gmail.com / sansadvadodara@gmail.com
mpranjanbhatt mpvadodara MP-Ranjan Bhatt

**નીતિન પટેલ**
પૂર્વ નાયબ મુખ્યમંત્રી,
ગુજરાત સરકાર,
ધારાસભ્ય, મહેસાણા



ક્રમાંક : Ex.Dy.CM/શુ-૭૪/૨૦૨૨

તા. ૨૩/૦૮/ ૨૦૨૨

## શુભેચ્છા સંદેશ

**સ્નેહીશ્રી,**

"એમ.એસ.કો.ઓપરેટીવ બેંક લિ." વડોદરા વર્ષ ૧૯૯૬ થી કાર્યરત છે. બેંકની સફળ કામગીરીના ૨૫ વર્ષ પૂર્ણ થતા નિયામક મંડળ દ્વારા "રજત જયંતિ " મહોત્સવની ઉજવણીનું આયોજન કરેલ છે. તે બદલ સર્વેને અભિનંદન.

આ બેંક વર્ષ ૧૯૯૬ના સ્થાપના પહેલા "મહેસાણા સમાજ સહાયક સહકારી મંડળી" તરીકે (ક્રેડીટ સોસાયટી) તરીકે મહેસાણા અને પાટણ જિલ્લા ઉપરાંત ગાંધીનગર જિલ્લામાં સમાવિષ્ઠ વિસ્તારના નાગરીકોને સેવા આપતી હતી.

"એમ.એસ.કો.ઓપરેટીવ બેંક લિ." વડોદરા બેંકના સ્થાપના સમયથી જ શ્રી એન.વી.પટેલ ચેરમેન તરીકે સેવાઓ આપેલ છે. અને હાલમાં પણ બેંકના ડીરેકટર તરીકે સેવાઓ આપી રહ્યા છે. તે બદલ તેઓશ્રીને અભિનંદન આપુ છું. વધુમાં શ્રી એન.વી.પટેલ, વડોદરાના મેયર, સરદાર સરોવર નિગમના ચેરમેન તથા વુડાના ચેરમેન તરીકે પણ સેવાઓ આપેલ છે. તે સમગ્ર વડોદરા માટે ગૌરવ પદ છે.

"એમ.એસ.કો.ઓપરેટીવ બેંક લિ." દ્વારા વડોદરા શહેરના હજારો નાગરીકોને ખુબજ સુંદર બેન્કીંગ સેવાઓ અને સગવડો આપવામાં આવી રહેલ છે. તે બદલ, બેંકના ચેરમેનશ્રી, એમ.ડી.શ્રી, અને ડીરેકટરશ્રીઓને અભિનંદન. બેંકના "રજત જયંતિ" પ્રસંગે સર્વે શેર હોલ્ડરો, ગ્રાહકો, અને કર્મચારી ભાઇ-બહેનોને ખુબજ અભિનંદન આપુ છું. અને આ બેંક ઉત્તરોત્તર વધુને વધુ પ્રગતિ કરે તેવી શુભેચ્છા પાઠવું છું.

આપનો સ્નેહાધિન,

નીતિન ર પટેલ

(નીતિન પટેલ)

પ્રતિ,
✓ શ્રી મણીભાઇ ધનજીભાઇ પટેલ,
ચેરમેનશ્રી, એમ.એસ.કો.ઓપ.બેંક લિ., વડોદરા
એમ.એસ.પ્લાઝા, અભિલાષા ચાર રસ્તા, ન્યુ સમા રોડ, વડોદરા-૩૯૦૦૨૪

નિવાસ સ્થાન : ૮, મણીચંદ્ર સોસાયટી, વિભાગ-૪, સુરધારા સર્કલ પાસે, થલતેજ, અમદાવાદ-૩૮૦૦૫૪
E-Mail : dycmnitinpatel@gmail.com

## એમ. એસ. કો. ઓપ.બેંક લિ. - રજત જયંતિ પર્વ (1997 - 2022)

विधानसभा

सत्यमेव जयते

गुजरात

ક્રમાંક નં. - -૨૦

**નરોત્તમભાઈ ટી. પટેલ**

**પુર્વ મંત્રી, ગુજરાત સરકાર**

બંગલા નં. ૮૦૬, સેક્ટર-૮, ચર્ચની સામે,
ગાંધીનગર.

તા.: ૬ / ૨ /૨૦૨૨

આદરણીય ચેરમેનશ્રી,
શ્રી મણીભાઈ ડી. પટેલ,
એમ.એસ.કો.ઓ. બેંક લી.
વડોદરા.

સાદર નમસ્કાર,

એમ.એસ.કો.ઓ.બેંક વડોદરાની સ્થાપનાને ૨૫ વર્ષ પુર્ણ થતા ગૌરવભેર રજત જંયતી પર્વની ઉજવણી કરી રહ્યા છો તે માટે હું હદય સહ અભિનંદન આપુ છું.

આપણી બેંકની સ્થાપનાથી આજદિન સુધી હું તમારો શુભેચ્છક સાથી રહયો છું. એમ.એસ.કો.ઓ.બેંક ને સર્વોચ્ચ શિખરે પહોંચાડવા માટેના સૌ શિલ્પીઓને હું હદય પુર્વક અભિનંદન આપુ છું.

આ સંસ્થાને શરૂઆત કરાવનાર ચેરમેન તરીકે શ્રી નારણભાઈ વી. પટેલ જેવા સર્વ ગુણ સંપન્ન પ્રમુખ મળ્યા છે તે પણ સંસ્થાને ગૌરવન્વિત કરે છે. આજ પર્યંત તેઓ ડાયરેકટર તરીકે સેવા આપે છે તે બદલ પણ ગર્વ થાય છે.

શ્રી નારણભાઈ વી. પટેલની શકિત સમગ્ર ગુજરાતને માર્ગદર્શન કરવાની છે. નિવૃત્ત એંજિનેર છે. બાહોશ રાજકરણી છે, નમ્રશીલ સુજ્ઞ સજ્જન છે.

સંસ્થાનું અર્થતંત્ર મેં જોયુ છે. ગર્વ થાય છે. આ સંસ્થાને આ કક્ષાએ લઈને આવનાર તમામ ભુતપુર્વ ચેરમેનશ્રીઓને અને ચાલુ ચેરમેનશ્રીને અભિનંદન આપુ છું. તમામ ભુતપુર્વ અને આજના ડીરેકટરસને હું ધન્યવાદ કરૂ છું.

આ બેંકની અનેક ખાસીયતો અને વહીવટ અન્ય બેંકોએ અનુકરણ કરવા જેવો છે.

વડોદરા અને સમગ્ર ગુજરાતમાં અવ્વલ નામના મેળવવા માટે અભિનંદન સહ શુભેચ્છા પાઠવું છું.

અભિનંદન સહ

આપનો શુભેચ્છક

નરોત્તમભાઈ પટેલ
પુર્વમંત્રી, ગુજરાત રાજ્ય .

# એમ. એસ. કો. ઓપ.બેંક લિ. - રજત જયંતિ પર્વ (1997 - 2022)

**JYOTINDRA MEHTA**
PRESIDENT

**NAFCUB**

તા : ૮ જાન્યુઆરી ૨૦૨૨

પ્રતિ,

ચેરમેનશ્રી
એમ. એસ. કો-ઓપ. બેંક લિ.
હેડ ઓફિસ, એમએસ પ્લાઝા,
અભિલાષા ચાર રસ્તા, નવી સમા રોડ,
વડોદરા-૩૯૦ ૦૨૪.

સ્નેહી શ્રી મણિભાઈ પટેલ

આપના અભિનંદિત પત્ર દ્વારા આપની બેંક તેના અસ્તિત્વના રજત જયંતી વર્ષની ઉજવણી કરે છે, તે જાણવાનું મળ્યું.

વડોદરા જેવા ઝડપથી વિકસતા મહાનગરમાં સતત પચીસ વર્ષોથી સહકારી બેંકનો લગાતાર વિકાસ થવો, તેના સંચાલકો માટે આનંદ અને ગૌરવની વાત છે. વિશેષ કરીને જ્યારે પૂ. શ્રી નારણભાઈ પટેલ જેવા કર્મઠ, કાર્યકુશળ, અનુભવી અને નિષ્ઠાવાન સુદૃઢ વિકાસ નિશ્ચિતપણે થાય જ, એવી ધરપત રાખી શકાય. આ બેંક નસીબદાર છે કે તેને પૂ. શ્રી નારણભાઈ જેવા વરિષ્ઠ અગ્રણીનું માર્ગદર્શન સાંપડ્યું રહ્યું છે.

૮,૩૮૭ સભ્યો, ₹ ૩.૪૦ કરોડનું શેરભંડોળ, ₹ ૧૪૦.૫૫ કરોડની થાપણો અને ₹ ૭૭.૪૫ કરોડનાં ધિરાણ તેમ જ ₹ ૧.૭૮ કરોડ ના નેટ પ્રોફિટ સાથે આપની બેંકે સુઆયોજિત વિકાસ સાધ્યો છે, તે ગૌરવપ્રદ છે. અવિરત પચીસ વર્ષથી ઓડિટ વર્ગ 'અ' મેળવીને આપે હિસાબોની શુદ્ધતા પણ જાળવી છે. આપ સહુને આ તમામ સિદ્ધિ બદલ હાર્દિક અભિનંદન.

આવનારા વર્ષોમાં સફળતાનું સાતત્ય જાળવીને આપ વધુ ને વધુ પ્રગતિ સાધો તે માટે અંતઃકરણપૂર્વક શુભકામનાઓ.

ભવદીય

(જ્યોતીન્દ્ર મહેતા)

NATIONAL FEDERATION OF URBAN COOPERATIVE BANKS AND CREDIT SOCIETIES LTD.
B-14, 3rd Floor, A-Block Shopping Complex, Naraina Vihar, Ring Road, New Delhi-110028, India
Telephone : 25771170, 25770108 Fax : 25775710, Mob. : [illegible] E-mail : [illegible]

# એમ. એસ. કો. ઓપ.બેંક લિ. - રજત જયંતિ પર્વ (1997 - 2022)

અજયભાઈ એચ. પટેલ
ચેરમેન

ધી ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ બેંક લિ.
(શિડ્યુલ્ડ એપેક્ષ બેંક)

"સરદાર વલ્લભભાઈ પટેલ સહકાર ભવન"
[illegible]
ફોન: [illegible] • ફેક્સ: [illegible]
E-mail: customercare@gscbank.coop • Website: www.gscbank.co.in
ચેરમેન : અમદાવાદ ડિસ્ટ્રીક્ટ કો. ઓપરેટીવ બેંક લિ.
[illegible]

સી.એચ./૬૩/ ૬૦ તારીખ : ૨૧-૦૨-૨૦૨૨

<u>શુભેચ્છા સંદેશ</u>

સ્નેહિશ્રી મણીભાઈ,

કુશળ હશો.

જણ આનંદ સાથે જણાવવાનું કે, એમ. એસ. કો-ઓપરેટીવ બેંક લિ. વડોદરા તેની સ્થાપનાના ૨૫ વર્ષ પુરા થતા "રજત જયંતી" ઉજવણી કરી રહી છે. જે ખુબ આનંદની વાત છે.

આ શુભ પ્રસંગે આ બેંકના સ્થાપક ચેરમેનશ્રી નારણદાસ વી. પટેલ કે જેઓ શરૂઆતથી જ ચેરમેન તરીકે અને વિવિધ સંસ્થાઓમાં પણ સેવા પ્રદાન કરેલ છે તે સન્માનીય છે.

વધુમાં આ બેંક તેના ૨૫ વર્ષ દરમ્યાન સતત વિકાસની કેડી કંડારતી રહી છે અને ભવિષ્યમાં પણ સભાસદો, થાપણદારો તથા ધિરાણ મેળવનાર ખાતેદારો સર્વેના વિશ્વાસ મેળવે અને સહિયારા પ્રયાસોથી આ વર્ષે સ્થાપનાના ૨૫ વર્ષે "રજત જયંતી" ઉજવવા જઈ રહ્યા છો તે બદલ હું અંતઃ કરણ પૂર્વક હાર્દિક શુભેચ્છા પાઠવું છું અને આપની બેંક ઉત્તરોત્તર પ્રગતિ કરે તેમજ જન સમુદાયના વિકાસમાં મદદરૂપ બને તેવી આપશ્રીને તથા બેંકના બોર્ડ ઓફ ડિરેક્ટર્સને તેમજ સમગ્ર કર્મચારીગણને હાર્દિક શુભકામના પાઠવું છું.

આપનો સહકારી,

(અજય પટેલ)

પ્રતિશ્રી,
મણીભાઈ ધનજીભાઈ પટેલ
ચેરમેન
એમ. એસ. કો-ઓપ. બેંક લિ.,
હેડ ઓફીસ નિઝામપુરા બ્રાંચ,
એમ. એસ. પ્લાઝા, અભિલાષા ચાર રસ્તા,
ન્યુ સમા રોડ, <u>વડોદરા-૩૯૦૦૨૪</u>

# એમ. એસ. કો. ઓપ.બેંક લિ. - રજત જયંતિ પર્વ (1997 - 2022)

सहकार सेवा



**Kantibhai L. Patel**
*(Khodiyar Group, Mehsana)*

Adhyaksh : Sahkar Bharti, Gujarat Pradesh
Chairman : North Gujarat Credit Society Federation
Chairman : Uttar Gujarat Co.Op. Bank Federation
Chairman : The Co.Op. Bank of Mehsana Ltd.
Director : Gujarat State Co.Op. Bank
Director : Gujarat Urban Co.Op. Banks Federation

માનનિયશ્રી મણીભાઇ ડી.પટેલ
ચેરમેનશ્રી,
એમ.એસ.કો.ઓપ.બેંક લી.
વડોદરા.

સ્નેહીશ્રી મણીભાઇ,

કુશળ હશો.એમ.એસ.કો.ઓપ.બેંક લી.વડોદરા તેની સ્થાપનાના યશસ્વી ૨૫ વર્ષ પૂર્ણ થતાંથી "રજતજયંતિ" મહોત્સવની ઉજવણી કરવા જઇ રહી છે.જે જાણી ઘણો આનંદ થયો છે.

આપની બેંક સ્થાપના પહેલાં મહેસાણા સમાજ સહાયક સહકારી મંડળી નામની ક્રેડીટ સોસાયટી તરીકે કામગીરી કરતી હતી.જેનો વિકાસ કરી આપે આ સંસ્થાને સને ૧૯૯૮ માં બેંકમાં રૂપાંતરિત કરી સભાસદો, ગ્રાહકોને સેવાઓ પુરી પાડેલ છે.જે ખુબજ પ્રશંસનિય છે.આ બેંકના સ્થાપક ચેરમેન માન.શ્રી નારણદાસ ડી.પટેલે ૧૯૯૮ થી ચેરમેન તરીકે સેવા પ્રદાન કરેલ છે અને ત્યારબાદ આજદિન સુધી ડીરેક્ટર્સ તરીકે સેવાઓ આપી રહ્યા છે.જે ખુબજ આનંદની વાત છે.

આજના આર્થિક સુધારા અને વૈશ્વિકરણના માહોલમાં અનેક બેંકોની સામે હરીફાઇયુક્ત વાતાવરણમાં આપની બેંકની આર્થિકસ્થિતિ આજે ૨૫ વર્ષના અંતે ૮૩૮૩ સભાસદો,રૂ.૩૯ કરોડ શેરભંડોળ,૧૪૦.૫૬ કરોડ ડીપોઝીટ અને ૭૭.૪૫ કરોડ ધીરાણ છે.જે સભાસદો,ગ્રાહકો અને ડીપોઝીટરોનો વિશ્વાસ સંપાદન કરી શકી છે તે સહુથી મોટી ઉપલબ્ધી છે.જે બદલ બેંકના તમામ હોદ્દેદારો અને બોર્ડ ઓફ ડાયરેક્ટર્સનો આભાર માનું છું.

આપના નેતૃત્વમાં આપની બેંક ઉત્તરોત્તર પ્રગતિના સોપાન સર કરે અને વધુમાં વધુ નાના અને ગરીબ માણસોને સેવા કરવાની શક્તિ આપે તેવી મા ખોડીયારને પ્રાર્થના કરી આપની બેંકની રજતજયંતિ મહોત્સવની શુભકામનાઓ પાઠવું છું.

આપનો સહકારી

(કાન્તિભાઇ એલ.પટેલ)
ખોડીયારગ્રુપ,મહેસાણા
પ્રદેશ અધ્યક્ષ સહકારભારતી,ગુજરાત

स्वच्छ भारत
एक कदम स्वच्छता की ओर

Office : 34, 35, Mahatma Gandhi Shopping Center, Rajmahel Road, Mehsana-384001.
Resi. : 23, Shreekunj Society, Nr. Nagalpur Bus Stand, Highway, Mehsana-384002.
Phone : (02762) 247084, 247087 • Mob. 98250 68660 • E-mail : sahkarseva@gmail.com

# પ્રસ્તાવના
# ચેરમેનશ્રીની કલમે

## સહકારના સથવારે પ્રગતિના સોપાન

એમ. એસ. કો.ઓપરેટીવ બેન્ક લી., વડોદરા દ્વારા પૂર્ણ કરેલ ૨૫ વર્ષની યશસ્વી કારકિર્દીના સંભારણા અંતર્ગત નાનામાં નાના અદના કાર્યકારો સભાસદો દ્વારા ગઠીત સહકારી મંડળી માંથી રૂપાંતરિત થયેલ સંપૂર્ણ બેન્ક તેમજ વર્ષોના સંઘર્ષ બાદ પ્રર્વતમાન કાયદાકીય જોગવાઈને અનુરૂપ કાર્યપ્રણાલી, ટેકનોલોજી, ગ્રાહક/ સભાસદોની જરૂરીયાત વગેરેને અનુરૂપ સમયાંતરે જરૂરી પગલા લઈ સતત પ્રગતિને જાળવી રાખેલ છે અને વિકાસ સાધ્યો છે તેમજ વડોદરા જીલ્લાની પ્રતિષ્ઠિત બેંકની નામના પ્રસ્થાપિત કરેલ છે. સમાજ ઉત્તરદાયિત્વ બેંકનો વિશેષ આશય છે. સમયાંતરે તેની અનેક પ્રવૃત્તિઓ કરી સિધ્ધિઓ મેળવેલ છે.

રજત જંયતિ પર્વની ઉજવણીએ ફકત પ્રસંગ જ નથી પણ આ ગૌરવને આંબવા માટેના ભગીરથ પ્રયાસો જે સભાસદો, ગ્રાહકો, હોદ્દેદારો તેમજ કર્મચારીગણ દ્વારા કરવામાં આવેલ છે, તેની સરાહના કરવા માટેનો ઉચિત સમય છે. બેંકની રજત જયંતિનું નિમિત્ત સહકારી મંડળીમાંથી બેંકમાં રૂપાંતરીત કરનાર કન્વર્ઝન કમિટીના સભ્યોના સક્રીય યોગદાનને આભારી છે. તે ઉલ્લેખ અત્રે કરવો અસ્થાને નહીં ગણાય.

ચાલો, અવિરત વિકાસ પ્રગતિને લક્ષમાં લઈ સહકાર, વિશ્વાસ તેમજ અરસ પરસની સમજ સાથે આપણી સંસ્થાને વધુ મજબુત કાર્યક્ષમ બનાવવાના પ્રણ સાથે આવનાર વર્ષો માટે શુભકામનાઓ સાથે આપ સૌના આભાર સહ વિરમું છું.



શ્રી મણીભાઈ ડી. પટેલ,
ચેરમેનશ્રી,
એમ. એસ. કો. ઓપ. બેન્ક લી., વડોદરા.

## એમ. એસ. કો. ઓપ.બેંક લિ. - રજત જયંતિ પર્વ (1997 - 2022)

# સાથ સહકાર સેવાનો સમન્વય

રજત જયંતિ પર્વના અવસરે સહકારી મંડળીમાંથી બેન્કમાં રૂપાંતરીત કરાવનાર સંનિષ્ઠ સમિતિ સભ્યોનો, બેન્કની હાલની સફળતાના શીખરો સર કરવામાં ફાળો આપનાર સભાસદો, ગ્રાહકો, કર્મચારી ગણ, કેન્દ્રીય બેન્કના હોદ્દેદારો, ફેડરેશનના હોદ્દેદારો, શુભચિંતકો તેમજ બોર્ડના સહ કાર્યકરો ધન્યવાદને પાત્ર છે.

વર્ષો વર્ષના સંઘર્ષના પરિણામે બેન્કનાં નાણાકીય સંસાધનોમાં અનન્ય વૃધ્ધિ જ સૂચક છે કેઉપરોકત તમામ દ્વારા સખત પરિશ્રમ અને જવાબદારી સહ કાર્ય કરવામાં આવેલ છે. સમય સમય પર જરૂરીયાતો તેમજ માર્ગદર્શીકાઓને અનુરૂપ નાંણાકીય શિસ્ત અને તકનીકી સંરચનામાં સતત સુધારાના પરિણામે બેન્ક દ્વારા શેર ભંડોળ રૂા. ૩૪૦ લાખ, રિઝર્વ-ફંડ રૂા. ૨૫૧૫ લાખ, ડીપોઝીટ રૂા. ૧૪૦૫૭ લાખ, ધીરાણ રૂા. ૭૭૪૬ લાખ, અનામત ભંડોળ રૂા. ૨૫૧૫ લાખ, ચોખ્ખો નફો રૂા. ૧૭૯ લાખ, સી.આર.એ.આર રૂા. ૨૨.૦૫% તેમજ અન્ય પાસાઓમાં વૃધ્ધિને પરિણમેલ છે.

આવા સંઘર્ષમય અને સફળતાના ખરેખર હકદાર તમામને આ અવસરે આભાર વ્યકત કરતાં આનંદ અનુભવું છું.



**શ્રી અમૃતભાઈ એન. પટેલ**
**મેનેજીંગ ડીરેકટર**
**એમ.એસ.કો.ઓપ.બેન્ક.લી.**

# એમ. એસ. કો. ઓપ.બેંક લિ. - રજત જયંતિ પર્વ (1997 - 2022)

બેન્કના બોર્ડ ઓફ ડિરેક્ટર્સનું ગઠન ગુજરાત કો. ઓપ. સોસાયટીઝ એક્ટ ૧૯૬૧, રિઝર્વ બેન્કની માર્ગદર્શિકા તેમજ પેટા કાયદા ને અનુરૂપ ચુંટાયેલા ડિરેક્ટર્સ થી જે તે સમયે કરવામાં આવેલ છે. નીચે મુજબના સમયગાળા માટે ડિરેક્ટર્સશ્રી ઓ દ્વારા માનદ સેવા પ્રદાન કરવામાં આવેલ છે. તેની વિસ્તૃત માહિતી નીચે પ્રમાણે છે.

| ક્રમ | ડિરેક્ટર્સના નામ | | સમયગાળો |
|---|---|---|---|
| ૧) |  | શ્રી નારણદાસ વી. પટેલ | ૧૯૯૬ - ૯૭ થી કાર્યરત |
| ૨) |  | સ્વ. શ્રી દલસુખભાઈ આર. પટેલ | ૧૯૯૬ - ૯૭ થી ૧૯૯૯ - ૨૦૦૦ |
| ૩) |  | શ્રી ચિમનભાઈ આર. પટેલ | ૧૯૯૬ - ૯૭ થી ૨૦૧૫ - ૨૦૧૬ |
| ૪) |  | શ્રી રમણભાઈ એલ. પટેલ | ૧૯૯૬ - ૯૭ થી કાર્યરત |
| ૫) |  | શ્રી અમૃતભાઈ એન. પટેલ | ૧૯૯૬ - ૯૭ થી કાર્યરત |
| ૬) |  | સ્વ. શ્રી ભગવાનભાઈ જી. પટેલ | ૧૯૯૬ - ૯૭ થી ૧૯૯૯ - ૨૦૦૦ |
| ૭) |  | શ્રી મણીભાઈ ડી. પટેલ | ૧૯૯૬ - ૯૭ થી કાર્યરત |

## એમ. એસ. કો. ઓપ.બેંક લિ. - રજત જયંતિ પર્વ (1997 - 2022)

| ક્રમ | | ડિરેક્ટર્સના નામ | સમયગાળો |
|---|---|---|---|
| ૮) |  | શ્રી બાબુભાઈ ગં. પટેલ | ૧૯૯૬ - ૯૭ થી ૨૦૧૧ - ૨૦૧૨ |
| ૯) |  | ડૉ. પ્રેમજીભાઈ પી. પટેલ | ૧૯૯૬ - ૯૭ થી ૨૦૦૫ - ૨૦૦૬ |
| ૧૦) |  | શ્રીમતી નયનાબેન બી. પટેલ | ૧૯૯૮ - ૯૯ થી કાર્યરત |
| ૧૧) |  | સ્વ. શ્રી કૃષ્ણકાંત એમ. પટેલ | ૨૦૦૦ - ૦૧ થી ૨૦૦૨ - ૨૦૦૩ |
| ૧૨) |  | શ્રી હરેન્દ્રભાઈ આર. દેસાઈ | ૨૦૦૨ - ૦૩ થી ૨૦૦૨ - ૨૦૦૩ |
| ૧૩) |  | શ્રી અશોકભાઈ બી. પટેલ | ૨૦૦૩ - ૦૪ થી કાર્યરત |
| ૧૪) |  | શ્રી યશ એન. ભટ્ટ | ૨૦૦૬ - ૦૭ થી કાર્યરત |

## એમ. એસ. કો. ઓપ.બેંક લિ. - રજત જયંતિ પર્વ (1997 - 2022)

| ક્રમ | ડિરેક્ટર્સના નામ | સમયગાળો |
|---|---|---|
| ૧૫) |  શ્રી વિપુલકુમાર સી. શાહ | ૨૦૦૮ - ૦૯ થી કાર્યરત |
| ૧૬) |  શ્રી રાકેશભાઈ એમ. પટેલ | ૨૦૧૨ - ૧૩ થી કાર્યરત |
| ૧૭) |  શ્રીમતી સ્વાતિબેન બી. પટેલ | ૨૦૧૬- ૧૭ થી કાર્યરત |
| ૧૮) |  શ્રી સમીરકુમાર એફ. ડામોર | ૨૦૧૬ - ૧૭ થી કાર્યરત |
| ૧૯) |  શ્રી શાંતિલાલ ટી. પટેલ | ૨૦૨૦ - ૨૧ થી કાર્યરત |

# બોર્ડ ઓફ ડિરેક્ટર્સ



**શ્રી મણીભાઈ ડી. પટેલ**

ચેરમેન



**શ્રી અશોકભાઈ બી. પટેલ**

વાઈસ ચેરમેન



**શ્રી અમૃતભાઈ એન. પટેલ**

મેનેજીંગ ડિરેક્ટર



**શ્રી નારાણદાસ વી. પટેલ**

ડિરેક્ટર



**શ્રી રમણભાઈ એલ. પટેલ**

ડિરેક્ટર



**શ્રી રાકેશભાઈ એમ. પટેલ**

ડિરેક્ટર

# બોર્ડ ઓફ ડિરેક્ટર્સ



**શ્રીમતી નયનાબેન બી. પટેલ**

ડિરેક્ટર



**શ્રી વિપુલકુમાર સી. શાહ**

કો. - ઓપ્ટ. ડિરેક્ટર (પ્રોફેશનલ)



**શ્રી યશભાઈ એન. ભટ્ટ**

ડિરેક્ટર (પ્રોફેશનલ - સી.એ.)



**શ્રીમતી સ્વાતિબેન બી. પટેલ**

ડિરેક્ટર



**શ્રી સમીરકુમાર એફ. ડામોર**

ડિરેક્ટર



**શ્રી શાંતિલાલ ટી. પટેલ**

ડિરેક્ટર

# બેન્કના બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં હોદ્દેદાર તરીકેની બજાવેલ ફરજોની વિગત

| ક્રમ | નામ | ચેરમેનશ્રી તરીકે | વા. ચેરમેનશ્રી તરીકે | મેનેજીંગ ડિરેક્ટરશ્રી તરીકે |
|---|---|---|---|---|
| ૧) | શ્રી નારણદાસ વી. પટેલ | ૧૯૯૬ - ૯૭ થી ૨૦૦૨ - ૨૦૦૩ | ----- | ----- |
| ૨) | શ્રી દલસુખભાઈ આર. પટેલ | ----- | ૧૯૯૬ - ૯૭ થી ૧૯૯૯ - ૨૦૦૦ | ----- |
| ૩) | શ્રી ચિમનભાઈ આર. પટેલ | ૨૦૦૯ - ૨૦૧૦ થી ૨૦૧૧ - ૨૦૧૨ | ----- | ૧૯૯૬ - ૯૭ થી ૧૯૯૯ - ૨૦૦૦<br>૨૦૦૫ - ૨૦૦૬ થી ૨૦૦૮ - ૨૦૦૯ |
| ૪) | શ્રી બાબુભાઈ ગં. પટેલ | ૨૦૦૬ - ૨૦૦૭ થી ૨૦૦૮ - ૨૦૦૯ | ૨૦૦૩ - ૨૦૦૪ થી ૨૦૦૫ - ૨૦૦૬ | ૨૦૦૦ - ૨૦૦૧ થી ૨૦૦૨ - ૨૦૦૩ |
| ૫) | શ્રી પ્રેમજીભાઈ પી. પટેલ | ૨૦૦૩ - ૨૦૦૪ થી ૨૦૦૫ - ૨૦૦૬ | ૨૦૦૦ - ૨૦૦૧ થી ૨૦૦૨ - ૨૦૦૩ | ----- |
| ૬) | શ્રી અમૃતભાઈ એન. પટેલ | ૨૦૧૬ - ૨૦૧૭ થી ૨૦૧૮ - ૨૦૧૯ | ૨૦૦૬ - ૨૦૦૭ થી ૨૦૦૯ - ૨૦૧૦<br>૨૦૧૨ - ૨૦૧૩ થી ૨૦૧૪ - ૨૦૧૫ | ૨૦૦૩ - ૨૦૦૪ થી ૨૦૦૪ - ૨૦૦૫<br>૨૦૧૫ - ૨૦૧૬ થી ૨૦૧૫ - ૨૦૧૬<br>૨૦૨૦-૨૧ થી કાર્યરત |
| ૭) | શ્રી મણીભાઈ ડી. પટેલ | ૨૦૧૯ - ૨૦૨૦ થી કાર્યરત | ૨૦૧૫ - ૨૦૧૬ થી ૨૦૧૮ - ૨૦૧૯ | ૨૦૦૯ - ૨૦૧૦ થી ૨૦૧૪ - ૨૦૧૫ |
| ૮) | શ્રી અરૂણભાઈ એલ. પટેલ | ૨૦૧૨ - ૧૩ થી ૨૦૧૫ - ૨૦૧૬ | ૨૦૧૦ - ૨૦૧૧ થી ૨૦૧૧ - ૨૦૧૨ | ૨૦૧૬ - ૨૦૧૭ થી ૨૦૧૯ - ૨૦૨૦ |
| ૯) | શ્રી અશોકભાઈ બી. પટેલ | ----- | ૨૦૧૯ - ૨૦૨૦ થી કાર્યરત | ----- |

# બેન્કના ચીફ એકઝીકયુટીવ ઓફિસર તરીકેની બજાવેલ ફરજોની યાદી.

| ક્રમ | નામ | સમયગાળો |
|---|---|---|
| | | |
| ૧) | શ્રી વિપુલકુમાર સી. શાહ | ૧૯૯૬ - ૯૭ થી ૨૦૦૧ - ૨૦૦૨ |
| ૨) | શ્રી રાજેન્દ્રભાઈ એમ. શાહ | ૨૦૦૨ - ૨૦૦૩ થી ૨૦૦૯ - ૨૦૧૦ |
| ૩) | શ્રી હેતલ એમ. શાહ (એડમીનીસ્ટ્રેટીવ મેનેજર) | ૨૦૧૦ - ૨૦૧૧ થી ૨૦૧૦ - ૨૦૧૧ |
| ૪) | શ્રી કે.આર. નારાયણ | ૨૦૧૧ - ૨૦૧૨ થી ૨૦૧૨ - ૨૦૧૩ |
| ૫) | શ્રી એસ. બી. સિધંકર | ૨૦૧૩ - ૨૦૧૪ થી ૨૦૧૩ - ૨૦૧૪ |
| ૬) | શ્રી વી. કે. દામાણી | ૨૦૧૪ - ૨૦૧૫ થી ૨૦૧૪ - ૨૦૧૫ |
| ૭) | શ્રી એ. એસ. પરીખ | જુન - ૨૦૧૬ થી કાર્યરત |
| | | |

## એમ. એસ. કો. ઓપ.બેંક લિ. - રજત જયંતિ પર્વ (1997 - 2022)

# એમ. એસ. કો. ઓપ. બેન્ક લી, ના વિકાસ / પ્રગતિના વિશિષ્ટ પરિબળો

**બેન્કના રજતજયંતિ પર્વ નિમિત્તે સાંખ્યીક સંરચનાઓથી વિકાસની પરિભાષાને વાચા આપનાર પરિબળોની સમીક્ષા કરવી એ પણ ઉમદા અને સંનિષ્ઠ કર્તવ્ય બની રહી છે. જેના મહદ અંશોનું નિરૂપણ જરૂરી છે.**

- બેન્કની સ્થાપના તેમજ સોસાયટીમાંથી બેન્ક પરિવર્તિત થયા સમય પહેલાથી બેન્કના હોદ્દેદારો દ્વારા અવિરત, નિસ્વાર્થ સેવાઓ પ્રદાન કરવામાં આવેલ છે.
- શરૂઆતના તબક્કાથી જ બેન્ક દ્વારા સંપૂર્ણ કોમ્પ્યુટરાઈઝેશન અપનાવેલ છે, જ્યારે અન્ય શહેરી અને બેન્કો કોમ્પ્યુટરાઈઝેશન અપનાવા ખચકાટ અનુભવતી હતી, તેવા કપરા સમયમાં કર્મચારીઓને જરૂરી તાલીમ આપી ગ્રાહક સેવાના નવિનીકરણના હેતુથી ટેકનોલોજી તબક્કાવાર સમયની નાની જરૂરીયાતને અનુરૂપ અપનાવવામાં આવેલ છે અને વિકસાવવામાં આવેલ છે.
- બેન્ક દ્વારા પેટા કાયદાઓની રચના / ઘડતરની પ્રક્રિયા ખુબજ ઝડપથી બેંકિંગ ક્ષેત્રમાં પ્રચલિત અંગ્રેજી ભાષામાં કરીને અમલમાં મુકવામાં આવેલ છે.
- ગત જે તે વર્ષોમાં પ્રચલિત બેંન્કીંગ પ્રણાલી મુજબ વિવિધ સ્તરે સામાન્ય કામકાજ માટે અલગ અલગ કાઉન્ટર પર જવાના બદલે આપણી બેન્ક દ્વારા સીંગલ વિન્ડો સીસ્ટમ અખ્ત્યાર કરવામાં આવેલ જેથી ગ્રાહકનો સમય બચે અને ત્વરિત સેવાનો લાભ મળે.
- બેન્કના કોમ્પ્યુટરાઈઝેશનની પ્રક્રિયાઓ સંદર્ભે બેન્ક દ્વારા હંમેશા આધુનિક ઉપકરણોથી સજ્જ રાખવામાં આવેલ છે તેમજ ટેકનોલોજી અંગે પણ પ્રર્વતમાન માર્ગદર્શીકાઓને ધ્યાનમાં લઈ જરૂરી પગલાઓ સીક્યુરીટી માટે લેવામાં આવે છે.
- બેન્કની હેડ ઓફિસ તેમજ અન્ય શાખાઓ બેન્કની માલિકીની સ્થાવર મિલકતોમાં કાર્યરત છે, જે એકંદરે બેન્કની સંપત્તિમાં વધારો કરેલ છે. તેમજ વખતો વખત સુધારા વધારા, સમારકામ કરી સુદ્રઢ પરિસ્થિતીમાં જાળવેલ છે.
- બેન્કની તમામ શાખાઓ લોકરની સુવિધાથી સજ્જ છે તેમજ આવા લોકરો સંપૂર્ણપણે સુરક્ષિત રાખવા માટે ખાસ બાંધકામની સંરચના કરવામાં આવેલ છે.
- બેન્કના તમામ હોદ્દેદારો RBI ની માર્ગદર્શીકાઓનું પાલન કરવા માટે પ્રતિબંધિત ધિરાણ સવલતોથી હંમેશા દૂર રહેલ છે. અને તેનું ચુસ્તપણે પાલન કરવામાં આવે છે. જેથી બેન્કમાં તેઓના અંગત હિતોનું નિર્માણ થાય નહિ.
- કર્મચારી / અધિકારીઓની નિમણૂંકમાં પણ સગાવદ કે ઓળખીતાની પ્રાથમિકતાથી દૂર રહી હોદ્દેદારો દ્વારા જરૂરી ઈન્ટરવ્યુ પ્રક્રિયા કરવામાં આવે છે.
- બેન્ક દ્વારા જરૂરી કાયદાકીય પગલાઓ NPA ખાતાઓની વસુલાત માટે Board of Nominees થકી તેમજ તાજેતરમાં નવસેરથી અમલ કરેલ SARFAESI Act હેઠળ ત્વરિત લેવામાં આવે છે.
- સમયાંતરે બેન્કના કર્મચારી / અધિકારીઓને તાલિમબદ્ધ રાખવા માટે ટ્રેનીંગ પ્રોગ્રામોમાં મોકલવામાં આવે છે. જેથી તેઓની કાર્યક્ષમતામાં વધારો ઉત્તરોતર જળવાઈ રહે.
- ગ્રાહકો / સભાસદોના હિતાર્થે મહિલા ઉત્કર્ષ / સશક્તિકરણ, સીનીયર સીટીઝન તાલીમ, આરોગ્યને લગતા કાર્યક્રમ, ધીરાણના કાર્યક્રમ , ભેટ વિતરણ અને વિદ્યાર્થી પારિતોષક વિતરણ વગેરે કાર્યક્રમોનું સમયાંતરે બેન્ક દ્વારાઆયોજન કરવામાં આવે છે.
- બેન્કના કર્મચારી / અધિકારીગણ તેમજ હોદ્દેદારોના સંયુક્ત અને અવિરત પ્રયાસોને લઈને આજદિન પર્યંત કોઈપણ પ્રકારના કિસ્સાઓ જેવા કે છેતરપીંડી, ગેરરિતી, ચોરી, ચપાટી વગેરેની સંભાવનાઓ ને નિવારવામાં સફળતા પ્રાપ્ત કરેલ છે.

## એમ. એસ. કો. ઓપ.બેંક લિ. - રજત જયંતિ પર્વ (1997 - 2022)

- સ્થાપક ચેરમેન શ્રી નારણદાસ વી. પટેલની તેમજ બોર્ડ ઓફ ડીરેકટર્સની અવિરત સેવાઓ મળતી રહી છે. તેઓની વિચારસરણી અને જાગૃતતાનો લાભ બેન્કને હંમેશાં મળેલ છે. તેઓ દ્વારા અમલમાં મુકવામાં આવેલ સ્વસ્થ પ્રથાઓ મુજબ બે ટર્મની હોદ્દેદાર થયે સ્વૈચ્છિક નિવૃત્તિ ખરેખર પ્રશંસનિય અને આવકારદાયક છે.

- બેન્ક આજની તારીખે તમામ આધુનિક બેન્કિંગ સુવિધાઓ પ્રદાન કરે છે અને વિવિધ મુશ્કેલ પરિસ્થિતી માં પણ નવિનીકરણ, ટેકનોલોજી અપગ્રેડેશનને ધ્યાનમાં રાખી ડીજીટલ ગ્રાહકલક્ષી સેવાઓ પ્રદાન કરી રહી છે.

- બેન્કના અવિરત, સતત અને સ્વસ્થ વિકાસની ગાથામાં કર્મચારી, અધિકારીઓ, હોદ્દેદારો, સભાસદો ગ્રાહકમિત્રો તેમજ અસંખ્ય પ્રત્યક્ષ/ પરોક્ષ સંકલીત વ્યકિતઓ / સંસ્થાઓના સંનિષ્ઠ પ્રમારિક પ્રયાસોનો ખૂબ મોટો ફાળો છે. તે બદલ બેંક સૌને ધન્યદાવ પાઠવે છે.



**શ્રીમતી નયનાબેન બી. પટેલ**

ડિરેક્ટર

એમ. એસ. કો. ઓપ.બેંક લિ. - રજત જયંતિ પર્વ (1997 - 2022)

# સહકારી બેન્કો : અસ્તિત્વ અને પડકારો

આજના સતત પરિવર્તિતતાને આધિન સહકારી બેન્કોને લગતા નિયમો, માર્ગદર્શીકાઓ, જોખમી પરીબળો, પડકારો, આર્થિક સંકડામણ, ટેકનોલોજીકલ જરૂરીયાતો, માપદંડો તેમજ અન્ય સમયાંતરે બદલાતા ગ્રાહકલક્ષી પાસાઓને જો નજર અંદાજ ના કરવામાં આવે અને ગહન વિચારવિમર્સ કરવામાં આવે તો સહકારી બેન્કોના અસ્તિત્વને જાળવી રાખવા માટે સાનુકુળ વાતાવરણ છે કે નહી તેના જવાબ ચોકકસપણે ''ના'' જ થાય.

પરંતુ સહકારીતા તેમજ સહકારી ભાવના હંમેશા જીવંત રહે છે અને સહકારી બેન્કોના અસ્તિત્વને ટકાવી રાખવા માટે નીચે મુજબના ચોકકસ જરૂરીયાતો પર ધ્યાન કેન્દ્રીત કરવું આવશ્યક થાય છે.

- બેન્કિંગ રેગ્યુલેશન એકટમાં થયેલા સુધારા વધારાને લક્ષમાં લઈ જે તે બેન્કના પદાધિકારીઓ, હોદ્દેદારોએ પોતાના વલણ, વ્યવહારને વ્યવસાયિક અભિગમ આપવો તેમજ કાયદાકીય જોગવાઈઓનું પાલન કરી પોતાનામાં બદલાવ લાવવો.

- સભાસદોએ પોતાના અંગત લાભો જેવા કે, ડિવિડન્ડ, ભેટ / સોગાદો કે અન્ય લાભોની આશાઓની વેગળી રાખી સંસ્થાના વિકાસમાં સહભાગી થવા પ્રયત્નો કરવા કે જેનાથી બેન્કની વિવિધ સેવાઓનો ઉપયોગ થાય, ડીજીટલ વિકસાવેલી સેવાઓનો લાભ મળે અને ધિરાણ સવલતો અન્ય બેન્કો માંથી લેવાના બદલે પોતાની બેન્કમાંથી લેવી.

- કર્મચારી / અધિકારીઓ ધ્વારા પોતાની કાર્યક્ષમતાને વધારી રાખવાના સતત પ્રયાસો કરવા તેમજ સેવાની ભાવના સહ ગ્રાહકલક્ષી અભિગમને વધારવો.

- નફાશક્તિમાં સતત વધારો કરવાની સાથે જોખમી પરિબળો, મુડીમાં વૃધ્ધિ, પડકારોના સમયાંતરે મુલ્યાંકન કરવાની સાથે સાથે આર્થિક પ્રાવધાન પોવિઝનમાં સતત વધારો કરવાના પ્રયત્નો કરવા.

- આધુનિકરણ, વિકાસની સંગાથે ટેકનોલોજી ક્ષેત્રે મજબુતી તેમજ અપગ્રેડેશન કરવા સતત પ્રયાસો કરવા.

અન્ય અનેક પરિબળો સહકારી બેન્કોના અસ્તિત્વને ટકાવવા માટે જવાબદાર છે, પરંતુ જો આપણે તમામ જરૂરી પ્રયાસોમાં સંજાગ રહી પ્રવૃત્તિમય થવામાં નિષ્ફળ જઈશું તો આપણા પાસે અન્ય સંસ્થા / બેન્કોમાં ભળી જઈ સહકારી બેન્કોના અસ્તિત્વને મીટાવી દેવા સિવાય બીજો કોઈ વિકલ્પ રહેશે નહી.

**આવો સૌના સંનિષ્ઠ પ્રયાસો દ્વારા આપણી સહકારીતાને સફળ બનાવવા કટીબધ્ધ થઈએ.**



શ્રી નારણદાસ વી. પટેલ
ડીરેકટર

# સહકારી ધિરાણ મંડળીમાંથી રૂપાંતરિત થયેલ એમ.એસ.બેન્કની આછી (સંઘર્ષ) રૂપરેખા.

શૂન્યમાંથી સર્જન થનાર અને બિંદુમાંથી સિંધુ બનેલ એમ.એસ.કો.ઓપ.બેંક.લિ., વડોદરાના ઈતિહાસની પૂર્વ ઝાંખી આ પ્રમાણે છે. સ્વબચતના ખાસ ઉદ્દેશથી અને ઈન્ડસ્ટ્રીયલ કર્મચારીઓના સહકારથી સન ૧૯૬૭માં "જાગૃતિ બચત મંડળ" દીર્ઘદષ્ટી મહેસાણા જીલ્લાના નાગરિકોએ શરૂ કર્યું. દર માસે એકઠી થયેલ બચત રકમમાંથી જરૂરીયાતમંદ સભાસદોને નજીવા વ્યાજ દરે ધિરાણ કરવું એ મુખ્ય હેતુ રહેલો એકાદ વર્ષમાં તો જબરજસ્ત પ્રતિસાદથી વધુ સભાસદો જોડાયા અને બચતની રકમમાં પણ ખાસો વધારો થયો. નોકરી તેમજ સામાન્ય ધંધાર્થે સ્થાયી થયેલ સભાસદોને સામાજીક પ્રસંગોમાં અને ઘરનું ઘર બનાવવા મદદરૂપ થઈ શકાય તેમજ બચતના નાંણાની સલામતી અર્થે કાયદેસરની એક સહકારી ધિરાણ મંડળી શરૂ કરવાનું વિચાર્યું. પરિણામે સન ૧૯૭૦માં મહેસાણા સમાજ સહાયક સહકારી મંડળી લિ; વડોદરા રજીસ્ટાર્ડ થઈને કાર્યરત થઈ. દર વર્ષે મંડળીના દરેક ક્ષેત્ર જેવા કે સભાસદો, બચત, ધિરાણ અને નફામાં ગણનાપાત્ર વધારો થતો રહ્યો. "સહકાર" મેગેઝીનમાં પ્રકાશિત થયેલ કો.ઓ.ક્રેડીટ સોસાયટી માંથી સહકારી બેંકમાં રૂપાંતરિત કરવાની એક ખાસ નોંધ મ.સ.સ.સ. મંડળીના જાગૃત સભાસદ શ્રી સી.આર.પટેલને વાંચવામાં આવી. તેમાં શહેરની વસ્તી પ્રમાણે જરૂરી સભાસદ સંખ્યા અને શેરફાળાની રકમનો ઉલ્લેખ હતો. તે સમયની મ.સ.સ.સ. મંડળી નિર્દેશ કરેલ માળખામાં લગભગ સમાવેશ થઈ શકે તેવું પ્રતિત થયું હતું. આથી ઉપરોકત સભાસદે પત્ર દ્વારા મંડળીના સંચાલકોનું ધ્યાન દોર્યું.

સન ૧૯૭૦થી કાર્યરત અને વિકસીત આ મંડળીની તા.૩૦-૦૮-૧૯૮૭ની વાર્ષિક સભામાં ચર્ચા થઈ અને સભાસદો, આમ નાગરિકો અને છેવાડાના લોકોના હિતમાં મંડળીનું બેંકમાં રૂપાંતરણ કરવાનો સૈદ્ધાંતિક નિર્ણય સર્વાનુમતે લેવાયો. આ અંગેનું આયોજન અને કાર્યવાહી માટે શ્રી સી.આર.પટેલના કન્વીનર પદે "કન્વર્ઝન કમિટિ"નું ગઠન કરવામાં આવ્યું, આ કમિટિમાં ડૉ. ડી.સી.પટેલ, ડૉ. પી.પી.પટેલ, શ્રી ડી.આર.પટેલ, સ્વ એલ.ડી.પટેલ અને સ્વ.એ.એચ.પટેલનો સમાવેશ કરાયો.

કમિટિની પ્રથમ મીટીંગમાં વડોદરા શહેરની મંડળી માંથી સહકારી બેંકમાં રૂપાંતરિત થયેલ બેંકોનો સંપર્ક કરવો, જરૂરી માહિતી મેળવવી અને તે મુજબ કાર્યવાહી કરવાની વિચારણા થઈ. આ મુજબ બરોડા સીટી કો.ઓ.બેંક.અને ઉન્નતિ કો.ઓ.બેન્ક નો સંપર્ક કર્યો અને તેઓના સલાહ સૂચન પ્રમાણે મ.સ.સ.સ. મંડળીની તબક્કાવાર પ્રગતિ અને વિકાસ, ધીરાણ અને વસૂલાત સાથેની માહિતી સભર અરજી જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરાને સન ૧૯૮૮માં કરવામાં આવી.

જીલ્લા રજીસ્ટ્રારની ઓફિસમાં વખતોવખત મળવા છતાં સકારાત્મક અભિગમ માં વિલંબ થયો હતો અને ભલામણની આગળની કાર્યવાહીમાં રૂકાવટ થઈ. સંજોગો વસાત તત્કાલિન ગુજરાત રાજયના સહકાર પ્રધાન શ્રી ભોળાભાઈ પટેલની વડોદરાની મુલાકાતમાં તેઓનો સંપર્ક કરવામાં આવ્યો. મંડળીની સઘળી માહિતી અને કન્વર્ઝનની અરજી વિષે વાકેફ કરવામાં આવ્યા. તેઓશ્રીએ જીલ્લા રજીસ્ટ્રારને રૂબરૂ બોલાવીને મ.સ.સ.સ. મંડળીને બેંકમાં રૂપાંતર કરવાની ભલામણ સત્વરે ગુજરાત રાજયના રજીસ્ટ્રારને મોકલી આપવા સૂચના આપી. પરિણામે જીલ્લા રજીસ્ટ્રારે ભલામણ તુરંતજ મોકલી આપી. સમય વીતવા છતાં કમિટિ સભ્યોની સબંધિત અધિકારીઓ સાથેની મુલાકાત અને મંડળીનો પત્રવ્યવહાર કંઈ પરિણામ લાવી શકી નહીં. વિજાપુરના વતની અને વડોદરા નિવાસી ઉદ્યોગપતિ કે જેમનો તત્કાલિન મુખ્યમંત્રી શ્રી ચિમનભાઈ પટેલ સાથે સારો ઘરોબો હતો તેઓનો સંપર્ક કરવામાં આવ્યો. મંડળીની સઘળી વિગતો અને રૂપાંતરની અરજીની વિગતે તેમની સાથે ચર્ચા થઈ. તેઓશ્રીએ બેંક કન્વર્ઝન માટેનો ભલામણ પત્ર મુખ્યમંત્રીશ્રી ને મોકલી આપ્યો. તત્કાલિન મુખ્યમંત્રીશ્રી ચિમનભાઈ પટેલની કડક સૂચનાથી સહકાર તંત્ર સફાળું જાગ્યું અને મંડળીની સંપૂર્ણ વિગતો સાથે બેંક રૂપાતરનો ભલામણ પત્ર રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા, અર્બન બેંક વિભાગ, અમદાવાદને મોકલી આપવામાં સફળતા મળી.

રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાને કન્વર્ઝન અરજી મોકલ્યા પછી કમિટિએ ત્યાંના સબંધિત અધિકારીઓનો સંપર્ક શરૂ કર્યો. ગુજરાત કો.ઓ.બેન્કસ ફેડરેશન, અમદાવાદના તત્કાલિન ચેરમેનની મદદથી મંડળીના કમિટિ સભ્યોની જનરલ મેનેજર, આર.બી.આઈ., અમદાવાદ સાથે મુલાકાત ગોઠવાઈ. રજુઆત અને ચર્ચાને અંતે તેઓની Convince થયા અને RBI, Bombay ની હેડ ઓફિસને ભલામણની કાર્યવાહી કરી.

ઘણો સમય વિતવા છતાં કોઈ જવાબ ન મળતાં મંડળીએ આર.બી.આઈ મુંબઈને રીમાઈન્ડર લેટર મોકલ્યો. સાથે સાથે મંડળીના પૂર્વ પ્રમુખ શ્રી એન. વી.પટેલે તત્કાલિન મહેસાણાનાં સંસદ સભ્યશ્રી ડૉ.એ.કે.પટેલનો સંપર્ક કર્યો અને તેઓએ પણ મ.સ.સ.સ. મંડળીને બેંકમાં રૂપાંતરણનો ભલામણ પત્ર આર.બી.આઈ મુંબઈને મોકલી આપ્યો.

આ સમય દરમ્યાન તત્કાલિન મુખ્યમંત્રી શ્રી ચિમનભાઈ પટેલની રજુઆત અને તત્કાલિન નાયબ વડાપ્રધાન શ્રી દેવીલાલના આગ્રહથી આર.બી.આઈ.એ નવી ઉનાવા નાગરિક સહકારી બેંક શરૂ કરવાની પરવાનગી આપી. તે બેંકના ચેરમેનશ્રી અને એમ.ડી. ની રૂબરૂ મૂલાકાત લઈને સઘળી માહિતી મેળવી, ત્યારબાદ કન્વીનર શ્રી સી.આર.પટેલ અને શ્રી એન. વી. પટેલ તત્કાલીન સંસદ સભ્ય શ્રી હરેન પાઠકને અમદાવાદમાં અને સંસદ સભ્ય શ્રી શંકરસિંહ વાઘેલાને મહેસાણામાં મળીને મંડળીને રૂપાંતરની સઘળી વિગતો અને નવી ઉનાવા નાગરિક સહકારી બેંકની પરવાનગીની વિગતો જણાવી. તેઓશ્રીએ કેન્દ્ર સરકારના નાણાંકીય વિભાગને બેંક કન્વર્ઝન માટેની ભલામણ પત્ર મોકલી આપ્યો. મંડળીએ પણ પત્ર દ્વારા ફાઈનાન્સ ખાતાનો પત્ર દ્વારા સંપર્ક કર્યો. આ વિભાગે મંડળીની સઘળી વિગતો ધ્યાનમાં લઈને આર.બી.આઈ. મુંબઈને મંડળીને બેંક રૂપાંતરની સત્વરે પરવાનગી આપવા ઘટતું કરવા સૂચના મોકલાવી. આમ છતાં પરવાનગીની પ્રક્રિયા આગળ ધપતી ન હતી. આ સ્થિતિથી મંડળીની વાર્ષિક સાધારણ સભામાં સભ્યોએ નિરાશા વ્યક્ત કરી અને આગળ વધુ કાર્યવાહી ન કરવા ઈચ્છા દર્શાવી.

કવિ અખાની ઉક્તિ " ધીરે ધીરે સુધારાનો સાર" મુજબ કમિટિ સભ્યોએ પ્રયત્નો ચાલુ રાખવાનો નિર્ણય લીધો. સાચી પરિસ્થિતિનો કયાસ કાઢવા માટે આર.બી.આઈ. મુંબઈની મુલાકાત લેવાનું નક્કી કર્યું. ઉંમા બેંકના તત્કાલિન ચેરમેન શ્રી કાન્તિભાઈ પટેલ, કન્વીનર શ્રી સી.આર.પટેલ, સભ્ય શ્રી ડૉ. ડી.સી.પટેલ અને મંડળીના પ્રમુખ શ્રી એમ.ડી.પટેલ આર.બી. આઈ. મુંબઈ ના અધિકારીઓને રૂબરૂ મળ્યા. તેઓને મંડળીની સમગ્ર વિગતોથી વાકેફ કર્યા. મંડળીની બેંકમાં કન્વર્ઝનની અરજીને લક્ષમાં લેવા અને પરવાનગી આપવાની વિચારણા કરવા સંમત કર્યા.

આ સમયે મહારાષ્ટ્ર રાજયની સહકારી બેંકોએ સહકારી બેંકોની નવિન શાખાઓ ખોલવાના પ્રતિબંધનો જબરજસ્ત વિરોધ કર્યો. આ ધ્યાનમાં લઈને આર.બી.આઈ એ જરૂરી વિચારણા કરવા અને યોગ્ય નિર્ણય લેવા શ્રી મરાઠેના અધ્યક્ષપદે એક કમિટિની રચના કરી. આ કમિટિએ વિવિધ શહેરોની મુલાકાત લઈને સહકારી બેંકોના પદાધિકારીઓને મળ્યા અને મંતવ્યો જાણ્યા. અમદાવાદની મુલાકાત દરમ્યાન ગુજરાત કો.ઓ.બેન્કસ ફેડરેશન ના તાત્કાલિન ચેરમેન શ્રી આત્મારામ કાકાના સઘન પ્રયત્નોથી મંડળીની કન્વર્ઝન કમિટિના સભ્યોને પોતાની રજુઆત કરવા શ્રી મરાઠે અને અન્ય સભ્યો સમક્ષ ઉપસ્થિત થવાનો મોકો મળ્યો. મંડળીની દરેક વાતોથી તેમને વાકેફ કર્યા. મંડળીની કન્વર્ઝનની અરજી બેંકના નોર્મ્સ પ્રમાણે કરવામાં આવેલ છે. સભાસદોના નાણાંની સલામતીની અનિવાર્યતા સમજાવી. આ બધી રજૂવાતોને અંતે તેઓ સૌ આ અંગે ઘટતું કરવા સંમત થયા.

લગભગ છ માસ બાદ શ્રી મરાઠે કમિટિએ નવિન શહેરી સહકારી બેંકો તેમજ શાખાઓ ખોલવાની માર્ગદર્શિકા પ્રકાશિત કરી. શ્રી સી.આર.પટેલની રજુઆતનો ઉલ્લેખ સાથે નવિન શહેરી સહકારી બેંકો શરૂ કરવા શહેરની જન સંખ્યા પ્રમાણે સભાસદ સંખ્યા અને શેર ફાળાની રકમનો ABCD પ્રમાણે નિયમો જણાવ્યા. વડોદરા શહેરની B કેટેગરી પ્રમાણે સહકારી બેંક શરૂ કરવા સભાસદ સંખ્યા ૩૦૦૦ અને શેર ફાળાની રકમ રૂ. ૩૦ લાખ હોવી જરૂરી હતું. અરજી કરવાની છેલ્લી મુદત ડીસેમ્બર ૧૯૯૪ હતી. આ મુજબ તે સમયે મંડળીનો શેર ફાળો અને સભાસદ સંખ્યા સાધારણ અપૂરતા હતા. મંડળીના તત્કાલિન પ્રમુખ શ્રી આર. એલ. પટેલના વ્યક્તિગત સઘન પ્રયત્નોથી સભાસદ સંખ્યા ૩૦૦૦ ઉપરાંત અને શેરફાળો રૂ. ૩૦ લાખ ઉપરાંત કરવામાં આવ્યો. મંડળીની ઓડીટેડ બેલેન્સ સીટ અને અન્ય વિગતો તેમજ બેંક પ્રયોજકોની યાદી સાથેની બેંક રૂપાંતરની અરજી તા. ૨૬-૧૨-૧૯૯૪ના રોજ આર.બી.આઈ. અમદાવાદની ઓફિસે રજૂ કરી.

થોડાક સમય પછી મંડળીના એક વિઘ્નસંતોષી સભાસદે કન્વર્ઝનની પ્રક્રિયા સામે વાંધાઓ સાથેની અરજી આર.બી. આઈ., અમદાવાદની ઓફિસે મોકલી હતી જે કમિટિની અમદાવાદ મુલાકાતમાં ધ્યાનમાં આવી. શહેરી અર્બન બેન્કસ વિભાગના પ્રમાણિક અને નિષ્ઠાવાન અધિકારી સમક્ષ રૂબરૂ ખુલાસાઓને અંતે મંડળીને બેંક શરૂ કરવાનો ભલામણ પત્ર આર.બી.આઈ., મુંબઈની હેડ ઓફિસે મોકલી આપવામાં આવ્યો.

આર.બી.આઈ. ને વારંવાર રીમાઈન્ડર કરવા છતાં તેમના તરફથી કોઈ પ્રત્યુતર ન મળતાં કન્વર્ઝન કમિટિએ આર.બી. આઈ. ની ફરીથી રૂબરૂ મુલાકાત લેવાનું અને તપાસ કરવાનું ઠરાવ્યું. આ સંદર્ભમાં કન્વીનર શ્રી સી.આર.પટેલ, સભ્ય શ્રી ડૉ. ડી.સી.પટેલ અને તત્કાલિન પ્રમુખશ્રી એમ.ડી.પટેલે આર.બી.આઈ., મુંબઈની મુલાકાત લીધી, સંબધિત અધિકારીઓ સાથે પરમીશન માટેની રજુઆતો કરી, જરૂરી ખુલાસાઓ કર્યા. આશ્વાસન અને વિશ્વાસ સાથે કમિટિ સભ્યો વડોદરા પરત આવ્યા. નસીબજોગે આર.બી.આઈ. ના જ પૂર્વ જનરલ મેનેજર શ્રી ગઢિયા સાહેબની ખૂબજ મદદ મળી.

# એમ. એસ. કો. ઓપ.બેંક લિ. - રજત જયંતિ પર્વ (1997 - 2022)

"ધીરજ નાં ફળ મીઠા" એ ઉકિત મંડળી માટે ખૂબજ આશીર્વાદરૂપ નીવડી. એક શુભ દિવસે આર.બી.આઈ. તરફથી મંડળીને નવિન સહકારી બેંક માટેનો પરમીશન પત્રનં. બી.આર. ૧૬.૫૧. ૦૬ ૯૬ તા. ૨૬-૦૭-૧૯૯૬ નો બેંકનાપાયાના પથ્થર તેમજ કન્વીનર શ્રી સી.આર.પટેલને મળ્યો. કમિટિ કન્વીનરશ્રી અને સભ્યોમાં, મંડળના સભાસદોમાં, મદદકર્તા અને શુભચિંતકોમાં આનંદનું મોજું પ્રસર્યું. કમિટિ સભ્યોને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી.

બેંકિંગ રેગ્યુલેશન એકટ ૧૯૪૯ હેઠળ આર.બી.આઈના ઉપરોકત પત્ર મુજબ મંડળીને "લિસ્ટ ઓફ પ્રાયમરી કો.ઓ. બેંક" માં સમાવેશ કરવામાં આવ્યો. આ પ્રાયમરી બેંકના પ્રયોજકોએ આગળની કાર્યવાહી હાથ ધરી. વડોદરાની અન્ય કો.ઓ. બેંકના બંધારણનો અભ્યાસ કરીને બંધારણ સમિતિએ ફકત ત્રણ માસમાં "મહેસાણા સમાજ કો.-ઓ.બેંક લિ." વડોદરાના નામ સાથે બેંકનું અંગ્રેજીમાં બંધારણ તૈયાર કર્યું. વાસનિક હોલમાં યોજેલ મંડળીની ખાસ સાધારણ સભામાં બેંકનું બંધારણ શ્રી એન.વી.પટેલે વંચાણમાં લીધું અને સર્વાનમતે મંજૂર કરવામાં આવ્યું. તેઓએ બોર્ડ ઓફ ડીરેકટર્સનાં નામ પણ ઘોષિત કરવામાં આવ્યાં. બેંકનું પ્રથમ બોર્ડ અને હોદ્દેદારો આ પ્રમાણે હતા. (૧) શ્રી એન.વી.પટેલ - ચેરમેન (૨) શ્રી ડી.આર.પટેલ - વાઇસ ચેરમેન (૩) શ્રી સી.આર.પટેલ - મેનેજીંગ ડિરેકટર અને ડીરેકટરશ્રીઓ (૧) શ્રી ભગવાનભાઈ ગં.પટેલ (૨) શ્રી ડૉ. પ્રેમજીભાઈ પી. પટેલ (૩) શ્રી મણીભાઈ ડી. પટેલ (૪) શ્રી રમણભાઈ એલ. પટેલ (૫) શ્રી અમૃતભાઈ એન. પટેલ (૬) શ્રી બાબુભાઈ ગં. પટેલ.

જીલ્લા રજીસ્ટ્રારને ખાસ સાધારણ સભામાં મંજૂર થયેલ બંધારણ અને બોર્ડ ઓફ ડિરેકટરોનાં નામ તેમજ નવિન બેંકની સઘળી વિગતો સાથેની અરજી કરવામાં આવી. ફળ સ્વરૂપે જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ વડોદરાના પત્ર જાવક નં. નઘણ/ બ-૨/૨૧૮/૯૭ તા. ૨૫-૩-૯૭ થી મંડળીને અગાઉ ફાળવેલ નોંધણી નંબર ૨૬ કરીને રૂપાંતર થયેલ મહેસાણા સમાજ કો.ઓ.બેંક, વડોદરાને નવો નોંધણી નંબર સે-૨૮૯૨૫ તા. ૭-૧૨-૯૬ આપવામાં આવ્યો.

બેંકની બોર્ડની મિટિંગમાં બેંકના ચેરમેન શ્રી એન.વી.પટેલના ખાસ આગ્રહથી બેંકોનો તમામ વહીવટ કોમ્પ્યુટરરાઈઝડ કરવો તેવું નક્કી થયું. આ સંદર્ભમાં બેંકના દરેક કર્મચારીને બેંકના ખર્ચે, સાંજના સમયે, વારાફરતી કોમ્પ્યુટર શીખવા માટે મોકલવાની વ્યવસ્થા કરવામાં આવી. બરોડા સીટી કો-ઓ.બેંકના ભૂતપૂર્વ મેનેજર શ્રી મનુભાઈ પટેલની બેંક નિષ્ણાત તરીકેની સેવાઓ લઈને બેંકના નવિન સ્ટાફની ભરતી કરવામાં આવી. બેંકના આસી. મેનેજર તરીકે ઉચ્ચ શિક્ષિત, નખશિખ પ્રમાણિક અને પુરૂષાર્થી એવા શ્રી વિપુલભાઈ શાહ મળ્યા. સ્ટાફને વહિવટી ટ્રેનિંગ આપવા માટે શ્રી મનુભાઈ પટેલ અને શ્રી એસ.વી.વ્યાસ માનદ્ સેવાઓ મળી. ૨૧, સત્યપાર્ક સોસાયટીલ, ઈલોરાપાર્કના મંડળીના મકાનમાં જ તા.૫-૩-૧૯૯૭ ના રોજ નવિન બેંક શરૂ કરવાનું નકકી થયું.

બેંકના આમત્રંણને માન આપી ઉદ્ઘાટન સમારંભમાં સ્વામીશ્રી સચ્ચિદાનંદજી (દંતાળીવાળા), ચરોતર નાગરિક બેંકના એમ.ડી.શ્રી ચિમનભાઈ સાથી, ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝાના પ્રમુખશ્રી કેશુભાઈ પટેલ અને નિરમા કેમીકલ્સના ચેરમેન શ્રી કરશનભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા. આત્મજયોતિ આશ્રમ, ઈલોરાપાર્ક સામેના મેદાનમાં આયોજીત સમારંભમાં મોટી સંખ્યામાં સભાસદો, અને શુભેચ્છકો એ હાજરી આપી. સમારંભને ખૂબજ સારો પ્રતિસાદ મળ્યો. સન ૧૯૭૦ થી ૧૯૯૬ સુધીના મંડળીના પૂર્વ પ્રમુખશ્રીઓને સફળ સંચાલનના કદર રૂપે સ્વામીશ્રી સચ્ચિદાંનદજીના કરકમલો દ્વારા શાલ ઓઢાળીને જાહેર સન્માન કરવામાં આવ્યું. મંડળીના પૂર્વ પ્રમુખશ્રીઓ આ પ્રમાણેના હતા. (૧) શ્રી હરિસિંગભાઈ જે. ચોધરી (૨) શ્રી ચિમનભાઈ આર. પટેલ (૩) શ્રી નારાયણભાઈ બી. પટેલ (૪) શ્રી લક્ષ્મણભાઈ ડી. પટેલ (૫) શ્રી બાબુભાઈ એચ. ઓઝા (૬) શ્રી ડૉ.ડી.સી. પટેલ (૭) શ્રી અમૃતભાઈ એચ. પટેલ (૮) શ્રી ડૉ. પ્રેમજીભાઈ પી. પટેલ (૯) શ્રી ડી.આર. પટેલ (૧૦) શ્રી શંકરભાઈ વી. પટેલ (૧૧) શ્રી ત્રિભોવનદાસ આઈ. પટેલ (૧૨) શ્રી રમણભાઈ એલ. પટેલ (૧૩) શ્રી મણીભાઈ ડી. પટેલ. આ દિવસથી જ મહેસાણા સમાજ કો-ઓ.બેંક લિ; વડોદરાની કામગીરી વણથંભી રફતાર સાથે શરૂ થઈ. ગ્રાહક સુવિધાર્થે બેંકનો સમય સાંજનો પણ રાખવામાં આવ્યો.

મંડળીની ૨૭ વર્ષની યશસ્વી કામગીરીના ફળ સ્વરૂપે તા.૩૧-૩-૧૯૯૭ના રોજ આર્થિક પ્રગતિ આ પ્રમાણે હાંસલ થઈ (૧) સભાસદ સંખ્યા - ૩૩૩૫ (૨) શેર ભંડોળ - રૂા. ૩૧,૫૬૬,૮૦૦ (૩) રિઝર્વ તથા અન્યફંડો - રૂા.૨૩,૪૧,૩૫૭ (૪) ડીપોઝીટ - રૂા. ૧,૨૦,૧૦,૪૧૭ (૫) ધિરાણ - રૂા. ૧,૩૧,૭૦,૬૧૮ (૬) ચોખ્ખો નફો - રૂા. ૭,૪૯,૦૨૭.



ચિમનભાઈ આર. પટેલ
પૂર્વ ચેરમેન
એમ.એસ.કો-ઓ.બેંક, વડોદરા.

# સહકારી સંસ્થાના સભાસદો, સંચાલકો અને કર્મચારીઓમાં સમર્પિત આવશ્યક ગુણો

સહકારી સંસ્થાના સામાન્ય રીતે ત્રણ મહત્વના અંગો છે. (૧) સભાસદો (૨) સંચાલકો (મેનેજમેન્ટ) (૩) કર્મચારી ગણ. આ ત્રણેય આ અંગોમાં સંસ્થાકીય જાગૃતિ હોવી, સમાનતા કેળવવી, વફાદારી, જ્ઞાન, પ્રમાણિકતા હોવી તેમજ સંસ્થા પ્રત્યે ફરજ અને જવાબદારી નિષ્ઠાપૂર્વક અદા કરવી તથા પોતાની સંસ્થાને સમર્પિત રહેવું વિગેરે આવશ્યક ગુણો ખીલવવા ખૂબ જ જરૂરી છે. જે માનવ સંસાધન વિકાસ દ્વારા આવી શકે છે. દરેક અંગોના આવશ્યક ગુણો નીચે પ્રમાણે છે.

**(અ) સભાસદો :**

(૧) સભાસદોએ વર્ગ, જ્ઞાતિ, જૂથ કે વાડા તેમજ રાજકીય પક્ષના જૂદા - જૂદા વાડાઓમાં વિભાજિત ન થતાં સહકારી સંસ્થાના ક્ષેત્ર હેઠળ એક થઈ ને સમુહમાં રહી સંસ્થાની દરેક કામગીરીમાં હકારાત્મક માનસિકતાથી જોડાવું જોઈએ.

(૨) કોઈ ક્ષણિક લાભ ખાતર સંસ્થાથી દુર ન જતા કે અપપ્રચાર ન કરતા તેની મર્યાદા મુશ્કેલી ને સમજીને કોઈ એકાદ નબળી બાબતમાં પણ દરેક સભાસદોએ સંસ્થાને સહકાર આપવો જોઈએ.

(૩) આપણા એકલાના સ્વાર્થ માટે નહિ પરંતુ તમામ સભાસદોના હિત માટે દરેક સભાસદે વફાદારીપૂર્વક કાયમ માટે સંસ્થા સાથે જોડાઈ રહેવું જોઈએ અને તેનામાં દઢ વિશ્વાસ સંપાદન કરવો જોઈએ.

**(બ) સંચાલક મંડળ (મેનેજમેન્ટ) :**

(૧) સંચાલક મંડળે માલિકની રૂએ નહિ પરંતુ સભાસદોના હિત માટે સભાસદો વતી વહીવટ કરવાનો છે.

(૨) સહકારી કાયદો અને નિયમો, સંસ્થાના પેટા નિયમો વિગેરેની પૂરી સમજ ધરાવતા અને વહીવટી નિપૂણતા, અભ્યાસુ શિક્ષિત અને અનુભવી સભ્યોએ જ સંસ્થામાં રેહવું જોઈએ.

(૩) સંચાલક મંડળની મિટિંગમાં દરેક સભ્યોએ સમયસર અને નિયમિત હાજરી આપીને, ચર્ચામાં પૂરતો રસ લઈને પોતાની અસરકારક ભૂમિકા ભજવવી જોઈએ. મીટીંગમાં થયેલા નિર્ણયને સંપૂર્ણપણે દરેક સભાસદે વફાદાર રહેવું જોઈએ.

(૪) સભાસદો કે સંસ્થાનું હિત જોખમાનું હોય તેવા નિર્ણયમાં નૈતિક રીતે સમાનતાથી સામનો કરવો જોઈએ.

(૫) સંચાલક મંડળના સભ્યો પૈકી વધુ શિક્ષિત, જાણકાર, અભ્યાસુ અને સંસ્થા માટે ભોગ આપી શકતા આપી શકતા હોય તેવા સભ્યને પ્રોત્સાહિત કરીને તેમની આવડતનો સદ્ઉપયોગ કરવો જોઈએ.

(૬) સંચાલક મંડળના દરેક સભ્યોએ સંસ્થાનું સંચાલન, સંસાધનોનો ઉપયોગ, ધંધાકીય વિકાસ તથા કાયદા સુધારા વધારા વિગેરે બાબતની તાલીમ, વર્કશોપ, સેમિનાર વિગેરેમાં વારાફરતી હાજરી આપવી જોઈએ.

(૭) પોતાના જેવી જ સંસ્થા કે જે વિકસીત હોય તેની મુલાકાત લઈને તેમની પાસેથી પ્રત્યક્ષ વિગતવાર જાણકારી મેળવીને સ્થાનિક અનુકુળતા મુજબ પોતાની સંસ્થામાં તેને અપનાવવી જોઈએ અને સંસ્થાનો વિકાસ કરવો જોઈએ.

(૮) કર્મચારીગણમાં લાયકાત મુજબ કાર્ય બોઝ કે લોડ એક સરખો રાખીને દરેકની કામગીરીનું મૂલ્યાંકન થવું જોઈએ. તેમજ ઉંચી નિપૂણતા વાળા કર્મચારીની કદર થવી જોઈએ.

(૯) સંસ્થાનું હિત જોખમાય કે આર્થિક નુકસાન થાય તેવા વર્તન વહેવાર વાળા કર્મચારીને સમજાવવા જોઈએ અથવા બરતરફ થયા જોઈએ. શિક્ષિત અને કાર્યક્ષમ ઉમેદવારની ભરતી કરવી.

(૧૦) કામકાજના પ્રમાણમાં કર્મચારીગણ હોવો જોઈએ નહીં ઓછો કે વધારે. સંસ્થામાં વધારે કર્મચારી રાખીને બીન જરૂરી ખર્ચ તેના પર લાદવો ન જોઈએ.

**(ક) કર્મચારીગણ :**

(૧) કામકાજની બાબતમાં કે સભાસદ અને ગ્રાહક સાથેના વર્તનની બાબતમાં દરેક કર્મચારીગણનું વલણ હમેશાં હકારાત્મક જ રહેવું જોઈએ. અને કામકાજમાં નિયમિતતા હોવી જોઈએ.


(૨) કર્મચારીએ અંદરો અંદરના વાદ વિવાદમાં નહીં પડતા પોતાને સોંપવામાં આવેલ કામ સંસ્થાનું છે જે મારે કરવું જોઈએ તેવા ભાવ ઈચ્છાથી કામમાં જોડાઈ જવું જોઈએ અને સમયસર પુરું કરવું જોઈએ.

(૩) સંસ્થાની આવકના પ્રમાણમાં જ કર્મચારીઓ એ સંસ્થા પાસે અપેક્ષા રાખવા જોઈએ. અન્ય વિકસિત સંસ્થાની તુલના ન કરવી જોઈએ.

(૪) કર્મચારીએ સમયસર સંસ્થામાં હાજર થવું અને સમયસર કામ ચાલુ કરવું જોઈએ સામાન્ય સંજોગોમાં રજા કે ગેરહાજરી માટે સંસ્થામાં અગાઉથી જાણ કરવી.

(૫) કર્મચારીઓને નિભાવવા માટે સંસ્થા ચાલતી નથી, પરતું સભાસદો માટે સંસ્થા ચાલે છે. જેથી સંસ્થાની આવકમાં સભાસદાનો અગ્રહકક છે. તેવું કર્મચારીઓએ સમજવું જોઈએ.

ઉપરોક્ત રીતે સહકારી સંસ્થાના ત્રણે અંગો જાગૃત થઈ માનવ સંસાધનનો વિકાસ સાધી તેમાં રહેલી શક્તિને બહાર વાળવામાં આવે તો વિવિધ પ્રકારની શક્તિ, આવડત, નિપૂણતા, હોશીયારી અને કામ કરવાની ધગશનો લાભ સહકારી સંસ્થાને મળે છે. જેથી સહકારી સંસ્થા ટકાઉ - વિકાસ સાધી સભાસદોનું હિત જાળવી આગળ વધી શકે છે. સભાસદોનો આર્થિક વિકાસ થાય છે. એંકદરે સભાસદો તથા ગ્રાહકોનો વિશ્વાસ સંપાદન થાય છે.



સી.આર.પટેલ
પૂર્વ ચેરમેન, એમ.એસ.બેંક, વડોદરા
વડોદરા
તા. ૧૮-૧૧-૨૦૨૧


# સતર્કતાસહ સફળતા

સમયાંતરે વિકાસ અને વૃધ્ધિ કુદરતી સિધ્ધાંતોને અનુરૂપ થાય પરંતુ વિકાસ/ વૃધ્ધિ તંદુરસ્ત અને સુગઠિત પણે થયા કરે તે જે તે સંસ્થા ના હોદ્દેદારો, કર્મચારીઓ અને ગ્રાહકોની પરસ્પર ભાવના, કાર્યક્ષમતાને આધારીત છે. રજતજંયતિના અવસરે પૂર્ણ કરેલ સમયમાં એમ.એસ.કો.ઓપ.બેન્ક દવારા હાંસલ કરવામાં આવેલ વિકાસ/ પ્રગતિ અન્ય સમકક્ષાની શહેરી નાગરિક બેંકો જેઓનું અસ્તિતવ ૪૦/૫૦ વર્ષથી વધુ છે. તેની સમકક્ષ જાળવી રાખવું એજ મોટી સિધ્ધી છે.

સતત પરિવર્તનશીલ નાંણાંકીય અંગ, ટેકનોલોજી, નિયંત્રણો, માર્ગદર્શિકાઓ, ગ્રાહકોની જરૂરીયાતો તેમજ હરિફાઈના વાતાવરણમાં વિકાસની સાથે સાથે અસ્કયામતો ગુણવત્તા સભર સહ નિત નવી સર્જાતી ડીજીટલ જરૂરીયાતોને પુર્ણ કરવામાં આવે , ગ્રાહકોના વર્ગને વિસ્તૃત કરવામાં આવે, ધીરાણ વિવિધ ક્ષેત્રોમાં ફેલાય સાથે સાથે કર્મચારી વર્ગની કાર્યક્ષમતા અને જીવન-ધોરણમાં સુધારા થાય. તાજેતરમાં લાગુ કરવામાં આવેલ બેન્કિંગ રેગયુલેશન એક્ટ ૧૯૪૯ના સુધારાના લક્ષમાં લઈએ તો સમયની તાની જરૂરીયાત છે કે બેન્ક તમામ ક્ષેત્રોમાં સાવચેતી પૂર્વકનો વિકાસ સાંધે, નિયમનો નિયંતત્રો, માર્ગદર્શીકાઓનું ચુસ્ત પાલન કરે અને બેન્કિંગ લાયસન્સની પરિભાષામાં ધંધાકીય પ્રવૃતિને વેગ આપે.

બેન્ક દ્રારા હાંસલ કરવામાં આવેલ સીમા ચિન્હ/ સિધ્ધી તે બેન્કના ગ્રાહકો સભાસદો, કર્મચારી -ગણ તેમજ સેવાભાવી હોદ્દેદારોને આભારી છે. બેન્ક વધુને વધુ પ્રગતિના સોપાન સર કરે તેવી અભ્યર્થના સહ.

શ્રી અરૂણ પરીખ
જનરલ મેનેજર / CEO



# બેન્કની પ્રગતિનો સાંખ્યીક વિવરણ

(1)

(રકમ લાખમાં)

| | 1997 | 1998 | 1999 | 2000 | 2001 | 2002 | 2003 | 2004 | 2005 | 2006 | 2007 | 2008 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સભાસદ | 3335 | 3417 | 4035 | 4425 | 5149 | 6375 | 6753 | 6898 | 6899 | 6855 | 7028 | 7079 |
| શેર ભંડોળ | 0.32 | 0.36 | 0.42 | 0.49 | 0.55 | 0.63 | 0.74 | 0.79 | 0.76 | 0.80 | 0.93 | 0.99 |
| રિઝર્વ ફંડ | 0.23 | 0.28 | 0.36 | 0.53 | 0.82 | 1.42 | 1.91 | 2.45 | 3.07 | 3.53 | 4.11 | 4.55 |
| ડીપોઝીટ | 1.20 | 2.55 | 4.87 | 8.56 | 12.48 | 16.08 | 18.94 | 20.86 | 18.86 | 20.93 | 23.80 | 27.51 |
| એડવાન્સીસ | 1.32 | 2.22 | 4.23 | 7.22 | 8.88 | 8.19 | 11.66 | 12.54 | 10.76 | 11.65 | 16.70 | 18.59 |
| નફો | 0.07 | 0.08 | 0.16 | 0.24 | 0.40 | 0.22 | 0.27 | 0.29 | 0.30 | 0.63 | 0.37 | 0.57 |
| ડીવીડન્ડ (%) | 15 | 15 | 15 | 15 | 15 | 15 | 15 | 15 | 12 | 12 | 12 | 12 |
| કાર્યકારી ભંડોળ | 1.85 | 3.34 | 5.98 | 10.05 | 14.65 | 18.61 | 22.19 | 24.65 | 23.29 | 26.56 | 29.95 | 34.42 |
| સીઆરએઆર | | | | | | | | 16.09% | 18.65% | 27.07% | 20.88% | 21.23% |
| સીઆરઆર | | | | | | | | 14.37% | 9.95% | 6.30% | 6.96% | 9.07% |


# બેન્કની પ્રગતિનો સાંખ્યીક વિવરણ

(૨)


(રકમ લાખમાં)

| | 2009 | 2010 | 2011 | 2012 | 2013 | 2014 | 2015 | 2016 | 2017 | 2018 | 2019 | 2020 | 2021 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સભાસદ | 7136 | 7282 | 7450 | 7626 | 7777 | 8013 | 8237 | 8317 | 8357 | 8398 | 8405 | 8410 | 8387 |
| શેર ભંડોળ | 1.05 | 1.33 | 1.64 | 1.85 | 2.19 | 2.54 | 2.93 | 2.93 | 3.10 | 3.40 | 3.58 | 3.30 | 3.40 |
| રિઝર્વ ફંડ | 5.37 | 6.47 | 7.50 | 8.67 | 10.45 | 15.89 | 17.47 | 19.21 | 20.52 | 22.20 | 23.09 | 24.22 | 25.15 |
| ડીપોઝીટ | 34.22 | 44.24 | 57.75 | 67.30 | 80.37 | 98.21 | 111.06 | 116.06 | 123.39 | 124.76 | 129.15 | 131.45 | 140.57 |
| એડવાન્સીસ | 20.08 | 27.93 | 35.97 | 41.81 | 52.93 | 58.94 | 73.29 | 70.47 | 74.02 | 82.09 | 87.57 | 77.65 | 77.46 |
| નફો | 0.70 | 0.52 | 1.23 | 0.82 | 1.33 | 1.57 | 1.76 | 1.85 | 1.77 | 1.71 | 1.63 | 1.74 | 1.80 |
| ડીવીડન્ડ (%) | 15 | 15 | 15 | 15 | 15 | 15 | 15 | 10 | 10 | 15 | 15 | 0 | 12 |
| કાર્યકારી ભંડોળ | 41.89 | 53.41 | 80.45 | 70.73 | 95.95 | 120.6 | 135.44 | 142.08 | 148.96 | 154.93 | 159.39 | 165.35 | 176.36 |
| સીઆરએઆર | 21.54% | 18.52% | 17.09% | 17.51% | 16.52% | 17.74% | 21.10% | 21.57% | 21.69% | 19.57% | 19.08% | 19.91% | 22.05% |
| સીઆરઆર | 10.58% | 6.85% | 5.56% | 10.86% | 6.06% | 4.70% | 5.88% | 7.71% | 6.12% | 5.82% | 5.41% | 5.80% | 4.53% |


એમ. એસ. કો. ઓપ.બેંક લિ. - રજત જયંતિ પર્વ (1997 - 2022)




એમ. એસ. કો. ઓપ.બેંક લિ. - રજત જયંતિ પર્વ (1997 - 2022)



એમ. એસ. કો. ઓપ.બેંક લિ. - રજત જયંતિ પર્વ (1997 - 2022)



એમ. એસ. કો. ઓપ.બેંક લિ. - રજત જયંતિ પર્વ (1997 - 2022)



# સહકાર : સર્વાંગી વિકાસનો મંત્ર

માનવજીવન પ્રારંભકાળથી જ સહકારનો ભાવ જન્મ્યો. પરાપર્વથી ભાવ વિકસ્યો અને વિસ્તર્યો. વેદો, પુરાણો, ઉપનિષદો, રામાયણ, મહાભારતમાં પણ સહકારિતાનું અજવાળું દેખાય. આદિમાનવ જીવન વ્યાપન માટે એકમેકનો સહકાર પ્રાપ્ત કરતો અને ચાણક્યના કૌટિલ્ય અર્થશાસ્ત્રમાંય સહકારનો ઉલ્લેખ છે. આમ છતાં માનવ વિકાસ - પ્રગતિના સંદર્ભે જોઈએ તો ઓગણીસમી સદીના પ્રારંભે સહકારનો સૂર્યોદય ચિંતનમાં થયો એ ઈતિહાસ, પરંતુ વિશ્વના નકશા પર વિધિવત્ સહકારી પ્રવૃત્તિના શ્રી ગણેશ થયા એના પહેલાંથી જ ભારતના વિશાળ ભૂ-ખંડ પર સહકારનાં દર્શન જોવા મળે છે. એકબીજાના પરસ્પર સહકારથી સર્વાંગી વિકાસ સાધવો એ જ સહકારનો પાયાનો સિદ્ધાંત. ગુજરાતમાં સહકારી પ્રવૃત્તિએ છેવાડાના માનવીઓ સુધી વિકાસનાં વાવેતર કર્યાં. અમૂલ થકી શ્વેત, ક્રાંતિ, કૃષિક્ષેત્રે હરિયાળી ક્રાંતિ થઈ, હવે રોજગાર ક્રાંતિનાં પણ પગરણ મંડાયાં છે તે સહકારી ક્ષેત્રની જ દેન.

શ્રી લક્ષ્મણરાવ ઈનામદારથી માંડીને સરદાર પટેલ, આત્મારામભાઈ પટેલ, જયરામભાઈ પટેલ, ઉદયભાણસિંહ, ગલબાકાકા, મોતીભાઈ ચૌધરી, દાજીરામભાઈ પટેલ, વૈકુંઠભાઈ મહેતા, ત્રિભોવનદાસ પટેલ, માનસિંહભાઈ પટેલ, મોહનભાઈ પટેલ અને શ્રી અરવિંદભાઈ મણિયાર તેમજ કુરીયન જેવા સહકારી ક્ષેત્રના પાયાના પારસમણિઓના પરસેવાથી સહકાર ક્ષેત્ર આજે ઉજ્જવળ બન્યું છે, તે સૌના પરસેવાની સોડમ પરિચયરૂપે આ અંકમાં વહાવી છે. ડેરી ઉદ્યોગ, સહકારી બેંકિંગ, ખાંડ ઉદ્યોગ અને માર્કેટ યાર્ડની સહકારિતા ક્ષેત્રે વિશેષ કામગીરી અહીં ઉજાગર કરી છે.


સહકાર ક્ષેત્રે સફળ ગાથાઓનો તોટો નથી. નાના ઉદ્યોગોનો વિકાસ, મહિલાઓને પગભર બનાવવી, ખેડૂતોને સહાય કરવી, વનવાસી બંધુઓ માટે આ ક્ષેત્રે અભૂતપૂર્વ કાર્યો થયાં છે. લિજ્જત પપાડ, ચંદાબેન શ્રોફ દ્વારા ચાલતી સુજન સંસ્થા, ઈલાબહેનની સેવા સંસ્થા અને તેના જેવી જ અનેક સંસ્થાઓ દ્વારા થયેલો સામાજિક વિકાસ તેનાં ઉત્તમોત્તમ ઉદાહરણો છે.

સહકારી ક્ષેત્રે લોકોનો વિકાસ કર્યો સાથે સાથે પોતે પણ આધુનિકતાના વાઘા ધારણ કર્યા. આજે બેંકો, મંડળીઓ, સંસ્થાઓ અદ્યતન ટેકનોલોજીથી સજ્જ બની જમાના સાથે તાલ મિલાવી રહી છે. ભારતીય સહકારી પ્રવૃત્તિ જેમ વિદેશી સહકારી પ્રવૃત્તિઓય લોકોના ઉત્કર્ષ અને ઉન્નતિ માટે સીમાચિહ્નરૂપ બની રહી છે.

સહકારિતાનો ભવ્ય પ્રારંભ, ઈતિહાસની રજૂઆત સાથે ભાવિની વાત પણ આ અંકમાં સમાવિષ્ટ કરી છે. સહકારી સંસ્થાઓની વ્યૂહરચના કેવી હોવી જોઈએ? કેવા પ્રકારના ઈનોવેશનની જરૂરીયાત છે ? સહકારી ક્ષેત્રે કાર્યસોંપણી અને વહેંચણી જેવા વિષયોના વિચાર-વિમર્શ થકી સહકારી ક્ષેત્ર અને તેની સાથે સંકળાયેલા કાર્યકર્તાઓ માટે વિશેષ ભાથું પીરસ્યું.

છેલ્લા કેટલાંક વર્ષોનો ઈતિહાસ જોઈએ તો સમાજ માટે 'વિના સહકાર, નહીં ઉદ્ધાર.' એ ઉક્તિ ખરા અર્થમાં અહીં ચરિતાર્થ થાય છે. આપણા દેશમાં લાખો સહકારી મંડળીઓ, કરોડો સભાસદો - કાર્યકર્તાઓ કામ કરી રહ્યા છે. સો ટકા ગામડાઓમાં સહકારી પ્રવૃત્તિઓ વત્તે-ઓછે અંશે પથરાઈ રહી છે. સહકાર એ તો ગરીબ અને મધ્યમ વર્ગના માનવી માટે માથાની છત, સહારો, હૂંફ અને હોંકારો છે. એટલે જ એને ભાગ્યાનો ભેરૂ કહે છે. મહાત્મા ગાંધી કહે છે કે, "સહકારતામાં મધુરતા છે, સહકાર સાધનારાઓમાં કોઈ નબળો કે બળિયો નથી, દરેક બીજાનો સમોવડિયો છે."

પુરાણો, ઈતિહાસ, વર્તમાનથી માંડીને ભવિષ્યને ઉજાગર કરતા આ સહકાર વિશેષાંકનો આશય એ જ કે લોકો વચ્ચે સહકારિતા વધે અને તેના થકી વ્યક્તિ, સમાજ, શહેર, રાજ્ય, દેશ અને સમગ્ર વિશ્વનો વિરાટ વિકાસ સાધી શકાય. સમગ્ર સમાજ એકમેકની સાથે રહી એકમેકની ઉન્નતિ સાધે. ક્યાંક વૈશ્વિકરણ, વધુ પડતાં ઉદારીકરણ, ખાનગીકરણની ઊધઈ લાગી હોય તો એ દૂર કરી ભાઈચારો, મદદ, સેવા, સહયોગનો સંદેશ ફેલાવનારા સહકારિતા મંત્રને અત્ર, તત્ર સર્વત્ર ઉજાગર કરીએ.



શ્રી રમણભાઈ એલ. પટેલ
ડિરેક્ટર

# STRATEGIC PLANNING



## સહકારી સંસ્થાઓ વ્યૂહરચના સાથે વર્ક કલ્ચરને પણ બદલે


૧૯૯૧ પહેલાં ભારતનું સહકારી ક્ષેત્ર બંધિયાર હતું. તેને અનેક પ્રકારે પ્રાથમિકતા અને સહકારી રક્ષણ અપાતું હતું. નાણામંત્રી મનમોહનસિંહે ભારતને વિશ્વના અર્થતંત્ર સામે ખુલ્લું મૂક્યું. તમામ પ્રકારની આર્થિક વ્યવસ્થાઓમાં ધરમૂળથી ફેરફારો થયા. સમગ્ર અર્થતંત્ર ઉત્પાદનકેન્દ્રીને બદલે બજારકેન્દ્રી બન્યું. પરિણામે સહકારી સંસ્થાઓને પણ પોતાની કાર્યપદ્ધતિ, માળખું અને વ્યૂહરચના બજારલક્ષી બનાવવાની ફરજ પડી. સરકારનું રક્ષણ દૂર થયું. સ્પર્ધાત્મક માહોલ નિર્માણ થયો. મુક્ત બજારના વાતાવરણમાં સહકારી સંસ્થાઓએ કામગીરી કરવાની ફરજ પડી. અત્યાર સુધી સહકારી સંસ્થાઓ લોકલ માર્કેટને ધ્યાનમાં રાખી, કામગીરી કરતી હતી તેને બદલે બજાર ખુલ્યું અને વ્યાપક થતાં હરીફો વધ્યા. સહકારી બેંકો, ગ્રાહક ભંડાર, ક્રેડિટ સોસાયટીઓ ખેતબજારો વગેરે તમામ ક્ષેત્રોમાં કાતિલ હરીફાઈ શરૂ થઈ. સહકારી સંસ્થાઓનો કમિટેડ ગ્રાહક વર્ગ તૂટવા લાગ્યો. સ્પર્ધકો સ્પર્ધાત્મક કિંમતે વધુ સારી ગુણવત્તાવાળી વસ્તુઓ ગ્રાહકોને આપવા લાગ્યા. પરિણામે અનેક સહકારી સંસ્થાઓ નબળી પડી, બંધ પડી કે બિનકાર્યક્ષમ રીતે ચાલવા લાગી. આજે પણ કેટલીક સહકારી સંસ્થાઓ બંધ થવાને વાંકે ચાલી રહી છે, મરવાને વાંકે જીવી રહી છે.

સમાજની આર્થિક સેવાના સહકારી એકમો કાર્યક્ષમ અને સ્પર્ધાત્મક રીતે ચલાવવા હશે તો તેમને (૧) ઉત્પાદનકેન્દ્રીને બદલે બજારલક્ષી બનાવવા પડશે. (૨) ગુણાત્મક લક્ષ્યાંકો આધારિત કાર્યપદ્ધતિ ઊભી કરવી પડશે. (૩) હરીફો પાસેથી અનેક બાબતો શીખવી પડશે અને તે અનુસાર કાર્યપદ્ધતિમાં બદલ કરવો પડશે. (૪) પ્રોડક્ટ અને સેવાઓને વધુમાં વધુ ગ્રાહકકેન્દ્રી તેમજ બજારલક્ષી બનાવવી પડશે. (૫) પ્રોડક્ટ અને સેવાઓનું બ્રાન્ડિંગ કરવું પડશે. (૬) પરંપરાગત કે રૂઢિગત સહકારી માળખામાં પ્રોફેશનાલીઝમ લાવવું પડશે. (૭) લેટેસ્ટ ટેકનોલોજી અપનાવવી પડશે. (૮) માર્કેટિંગ સર્વે હાથ ધરી માર્કેટ એનાલિસિસ કરવું પડશે. બજાર સંશોધનોને આધારે નિર્ણયો લઈ તેનો અમલ કરવો પડશે. (૯) ગ્રાહકોની બદલાતી રૂચિ પ્રમાણે સંસ્થાઓએ પ્રોડક્ટ્સ અને સેવાઓમાં પરિવર્તનો કરવાં પડશે. (૧૦) પોતાની વ્યૂહરચના બજારકેન્દ્રીત બનાવવી પડશે. (૧૧) પ્રોડક્ટ્સ અને સેવાની ગુણવત્તામાં પહેલવૃત્તિ અપનાવવી પડશે. (૧૨) પ્રોડક્ટ્સ અને સેવામાં માળખામાં ધરખમ ફેરફારો કરવા પડશે.

જરીપુરાણા સહકારી ઢાંચા, આઉટ ડેટેડ પ્રોડક્ટ્સ અને સેવાઓ, સરકાર પાસેથી કદીય ન સંતોષાય તેવી અપેક્ષાઓ અને 'અમો નહીં બદલાઈએ' એવા માઈન્ડ સેટમાંથી બહાર આવવું પડશે. સહકારી નેતૃત્વએ વ્યૂહાત્મક અભિગમ અપનાવી ચેઈન્જ એજન્ટની ભૂમિકા ભજવવી પડશે. તેઓ પ્રમાણિક અને નિષ્ઠાવાન હોવા ઉપરાંત વિઝન અને મિશનથી કામ કરે એ જરૂરી છે. કર્મચારીઓની ગુણવત્તા અને કાર્યક્ષમતા વધારવી પડશે. તેઓને સ્પર્ધાત્મક તાલીમ આપવી પડશે. ગુણવત્તા સંચાલન અને જાળવણીની કડક પદ્ધતિઓ અપનાવવી પડશે. સ્પર્ધાત્મક વ્યૂહરચના અપનાવવી પડશે. પ્રોડક્ટ્સ અને સેવાઓની ખામીઓ અને ખૂબીઓ સમજી ખામીઓ દૂર કરવી પડશે. નવી વ્યૂહરચના ઘડનારા અને અમલમાં મૂકનારા મેનેજર્સ રાખવા પડશે. તેમના અંગત મદદનીશ વિકાસને વરેલા હોય તેવા પસંદ કરવા પડશે. દરેક સહકારી સંસ્થા, તેના કમિટિ મેમ્બર્સ અને કર્મચારીઓમાં સત્તાનું રાજકારણ તો રહેવાનું જ. પરિણામે પરિવર્તન લાવનારે કુશળતાપૂર્વક સત્તાકીય સંઘર્ષોમાંથી સંતુલન જાળવી સંસ્થાને વિકાસપથ પર આગળ વધારવા પ્રયાસ કરવો જોઈએ.

ગળાકાપ હરીફાઈમાં વૈશ્વિક બજારમાં ટકવા અને સમાજની આર્થિક સેવા કરવા, સહકારી સંસ્થાઓ વ્યાપકતા, વિવિધતા અને વિસ્તારની દ્રષ્ટિએ ગામડાંના છેવાડાના માણસ સુધી પહોંચી છે. સહકાર એ ભારતીય જીવનપદ્ધતિ સાથે અખંડ રીતે વણાયેલ છે. આપણી લોકશાહીનો આધાર-સ્તંભ છે. આવી લોકઉપયોગી ચળવળ નબળી પડે એ દેશ તેમજ સમાજના હિતમાં નથી. આ એક ગંભીર બાબત છે. દેશના હિતચિંતકો આ બાબતે આગળ આવે. દેશ, કાળ અને પરિસ્થિતિ મુજબ સહકારી માળખું, કાર્યપદ્ધતિ અને સમાજની આવશ્યકતા અનુસાર પરિવર્તન કરે એ જરૂરી છે. આપણો સમાજ સતત પરિવર્તનશીલ રહ્યો છે. આશા છે કે દેશની સહકારી ચળવળ પણ પરિવર્તનોનું સ્વાગત કરે છે.

**શ્રી મણીભાઈ ડી. પટેલ**
ચેરમેન



# બેંકો અને પેનલ્ટી

જે.જે. શાહ (નિવૃત્ત સંયુકત રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ)

છેલ્લા દોઢ વર્ષના સમયગાળામાં રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા ૬૦ કરતાં વધારે બેન્કોને પેનલ્ટી કરવામાં આવી છે. ત્યારે પ્રશ્નએ થાય છે કે આટલી મોટી સંખ્યામાં પેનલ્ટી કરવાની જરૂરીયાત શા માટે ઉભી થઈ ? અને સહકારી બેંકોએ પેનલ્ટી ન થાય એ માટે શું કાળજી રાખવી જોઈએ ? બેન્કિંગ રેગ્યુલેશન એકટની કલમ - ૪૬ થી પેન્લટીની જોગવાઈ કરવામાં આવેલ છે. આ ઉપરાંત કલમ-૩૫ (૨), કલમ-૩૫ (૪) (એ) તથા કલમ-૪૫ (૭)ની જોગવાઈઓનો ભંગ કરવામાં આવે તો તે પણ પેનલ્ટીને પાત્ર છે.

પેનલ્ટી કરતાં પહેલા જ તે બેન્કિંગ કંપનીને નોટિસ આપી સાંભળવાની તક આપે છે. જો બેન્કિંગ કંપનીની રજુઆત ગ્રાહ્ય રાખવાપાત્ર ન જણાતી હોય તો તે પેનલ્ટી ભરવાનો ઓર્ડર કરે છે. આ પેન્લટી હુકમની તારીખથી ૧૪ દિવસમાં ભરવાની ફરજિયાત છે.

રિઝર્વ બેંક દ્વારા જે બેન્કોને પેનલ્ટી કરવામાં આવેલ તેમાં પ્રાઈવેટ બેંકો, રાષ્ટ્રીયકૃત બેંકો, શિડ્યુલ કો-ઓપ.બેંકો, જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકો અને અન્ય સહકારી બેન્કોનો સમાવેશ થાય છે.

પેનલ્ટી કરવાના કારણોમાં બેન્કિંગ રેગ્યુલેશન એકટ-૧૯૪૯ની જોગવાઈઓનો ભંગ, રિઝર્વ બેંક દ્વારા ઈશ્યુ કરવામાં આવેલ માસ્ટર સરકયુલર, સરકયુલર અને ડીરેકશનનો ભંગ વગેરેનો સમાવેશ થાય છે.

## પેનલ્ટીનાં કારણો : પેનલ્ટી કરવાના જુદાજુદા કારણો નીચે મુજબ છે.

(૧) રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા નિયત કરેલ ઈન્કમ રેકગનેશન એન્ડ એસેટ કલાસીફીકેશન (IRAC)ના ધોરણોનું પાલન ન કરવું.

(૨) કે.વાય.સી. નોર્મ્સનું પાલન ન કરવું.

(૩) બેન્કના ડિરેકટરો અને તેના સંબંધીઓને લોન અને એડવાન્સીસ બાબતેની માર્ગદર્શિકાનો ભંગ કરવો.

(૪) એરીયા ઓફ ઓપરેશન, બ્રાન્ચ ઓથોરાઈઝેશન પોલીસી વગેરે બાબતો અંગેના તા.૧-૭-૨૦૧૫ના માસ્ટર સરકયુલરના ભંગ અને આ સરકયુલરથી આપવામાં આવેલ સૂચનાઓનું પાલન ન કરવું.

(૫) એન્ટી મની લોન્ડરીંગ એકટની જોગવાઈઓનું પાલન ન કરવું.

(૬) ગ્રુપ એકસપ્રોઝર લીમીટનો ભંગ કરવો.

(૭) સુપરવાઈઝરીંગ એકશન ફ્રેમવર્ક (S.A.F.) ની સુચનાઓનો ભંગ કરવો.

(૮) બેન્કના ગ્રાહકોને યુનિક કસ્ટમર આઈડેન્ટીફિકેશન કોડ (U.C.I.C.) ન ફાળવવો.

(૯) રૂા. ૧૦/- લાખ અને તેનાથી વધુ રકમના રોકડ વ્યવહારોનું રેકર્ડ ન જાળવવું અને આ બાબતે ફાયનાન્સીયલ ઈન્ટેલીજન્સ યુનિટ (F.I.U.IND) ને જાણ ન કરવી.

(૧૦) બેન્કિંગ રેગ્યુલેશન એકટની કલમ-૨૭ હેઠળ મોકલવાપાત્ર પત્રકો ન મોકલવા.

(૧૧) નિયમ વિરૂધ્ધ દાન આપવું.

(૧૨) મર્યાદા કરતાં વધારે શેર વ્યકિતગત શેર હોલ્ડરને આપવા. ધિરાણ કરતી વખતે શેર લિન્કિંગ ન જાળવવું.

(૧૩) અનસીકયોર્ડ ધિરાણની એકસપોઝર લીમીટનો ભંગ કરવો.

(૧૪) ડિપોઝીટર એજ્યુકેશન એન્ડ એવરનેસ ફંડ ન મોકલવું.

(૧૫) રીયલ એસ્ટેટ, કોર રીયલ એસ્ટેટ અને હાઉસિંગ લોન માટેની નિયત એકસપોઝર લીમીટનો ભંગ કરવો.

(૧૬) ઈન્સપેકશન રિપોર્ટનું કોમ્પ્લાયન્સ ન કરવું.

(૧૭) બેન્કિંગ રેગ્યુલેશન એકટની કલમ-૨૦નો ભંગ કરી ડિરેકટરશ્રીની મિલકતો સામે લોન આપવી.

(૧૮) નોમિનલ મેમ્બરશીપ બાબતોની સૂચનાઓનો ભંગ કરી તેને નિયત મર્યાદા કરતાં વધુ લોન આપવી.

(૧૯) ઈન્ટર બેંક ગ્રોસ એકસપોઝર લિમિટ અને ઈન્ટર બેંક કાઉન્ટર પાર્ટી લિમિટનો ભંગ કરવો.

(૨૦) ડિવિડન્ડ ચુકવવા બાબતના ઓપરેશનલ ઈન્સ્ટ્રકશનનો ભંગ કરવો.

(૨૧) નોન બેન્કિંગ એસેટસનો નિકાલ ન કરવો.

(૨૨) કરન્ટ એકાઉન્ટમાં વારંવાર નિયમવિરુદ્ધ ઓવરડ્રાફટ આપવો.

(૨૩) ઓન સાઈટ એ.ટી.એમ ખોલવા બાબતે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની સૂચનાનો ભંગ કરવો.

(૨૪) ચાલુ ખાતા ખોલવા બાબત સૂચનાનો ભંગ કરવો તથા નિયમ વિરુદ્ધ બિલ ડીસ્કાઉન્ટ આપવું.

(૨૫) ડિટેકશન એન્ડ ઈમ પાઉન્ડીંગ ઓફ કાઉન્ટર ફીટ નોટસ બાબતની સૂચનાઓનો ભંગ કરવો.

(૨૬) બેન્કિંગ લાઈસન્સની શરતોનો ભંગ કરવો.

(૨૭) રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની પૂર્વ મંજૂરી સિવાય ઈન્સ્યોરન્સ અને પોર્ટફોલીયો મેનેજમેન્ટની સર્વિસ પૂરી પાડવી.

(૨૮) ચેક પરચેઝ / ડિસ્કાઉન્ટીંગ બાબતોની સૂચના ઓનો ભંગ કરવો.

(૨૯) એન.પી.એ. એકાઉન્ટ અંગે ખોટી માહિતી આપવી.

(૩૦) રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની પૂર્વ મંજૂરી સિવાય એસેટ્સ પર ફ્લોટિંગ ચાર્જ ઊભો કરવો.

(૩૧) રોકાણ અંગે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની સૂચના ઓનો ભંગ કરવો.

(૩૨) રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ઈન્સ્પેક્શન રિપોર્ટનું ખોટું કોમ્પ્લાયન્સ મોકલવું.

ઉપર જણાવેલ કારણો સિવાય અન્ય કેટલાક કારણો રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા બહાર પાડવામાં આવેલ પેનલ્ટી અંગેની પ્રેસ રીલીઝ પરથી જણાય છે.

**સમાપન**

જે બેન્કોને પેનલ્ટી કરવામાં આવી છે તેમાં સંખ્યાની દષ્ટીએ સહકારી બેંકોની સંખ્યા વધુ છે. રાજ્યની બે બેન્કોનો પણ સમાવેશ થાય છે. જે કારણોને લીધે પેનલ્ટી કરવામાં આવેલ છે તેમાં કે.વાય.સી. નોર્મ્સનો ભંગ, ડિરેક્ટર અને તેમના સગાને ધિરાણો આપવા, એક્સપોઝર લિમિટનો ભંગ કરવો, જેવા કારણો મોટા ભાગની બેંકોમાં જોવા મળે છે. પેનલ્ટી થવાથી જે તે બેન્કની ઈમેજને વ્યક્તિગત રીતે અને બેન્કિંગ સિસ્ટમને વ્યાપક રૂપે વિપરીત અસર થાય છે ત્યારે, અને બેન્કો પાસે જયારે નિષ્ણાત - અનુભવી અને હોશિયાર ઓફિસરની ટીમ હોય છે, ત્યારે આવી અનિયમિતતાઓ કેમ થાય છે એ વિચાર માંગી લે એવો પ્રશ્ન છે.

બેન્કિંગ સિસ્ટમ એ દેશના અર્થતંત્રને અસર કરતી એવી સિસ્ટમ છે કે જે સહેજ નબળી પડે તો પણ તેની વ્યાપક અસરો દેખાય છે. આ સંજોગોમાં સહકારી બેંકો સાથે સંકળાયેલ સૌ બેન્કિંગ રેગ્યુલેશન એક્ટ, રિઝર્વ, બેંક ઓફ ઈન્ડિયાની સૂચનાઓ અને બેન્કને લાગુ પડતા અન્ય તમામ કાયદાઓનું સુચારુરૂપે પાલન કરી આ સેક્ટરને મજબૂત બનાવી થાપણદારો અને સભાસદોનું ઋણ ચૂકવી પવિત્ર ફરજ નિભાવીએ.

# બેન્કિંગ ક્ષેત્રમાં ટેકનોલોજીનું મહત્વ, સાયબર રિસ્ક અને સિક્યોરીટી

ખુશ્બુ શ્રેણિક શાહ (જનરલ મેનેજર, સોશિયલ બેન્ક)

## ટેકનોલોજી

બેંકિંગ ક્ષેત્રએ છેલ્લા દસ વર્ષમાં ખૂબ જ ઝડપથી પરિવર્તન કરેલ છે. ટેકનોલોજી અને ઓટોમેશન થી બેંકિંગ ક્ષેત્ર ને નવો વેગ મળેલ છે. ટેકનોલોજીના વધતા વ્યાપને કારણે પેપર અને શાખા બેંકિંગ લેસ્ટ્રી બની ગયેલ છે. ટેકનોલોજીએ બેંકોની એકાઉન્ટિંગ અને મેનેજમેન્ટ સિસ્ટમમાં પણ બદલાવ કર્યા છે. છેલ્લા દસ વર્ષમાં બધી જ બેંકોએ કોર બેન્કિંગ સોલ્યુશન અમલમાં મૂકીને શાખાઓમાં ઓટોમેશન તથા રોજીંદા કાર્ય (ઓપરેશન્સ) ને સેંટ્રલાઈઝ્ડ કરી દીધેલ છે. એટીએમ, મોબાઈલ બેંકિંગ, ઓનલાઈન બેંકિંગના કારણે ગ્રાહકોની બેંકની મુલાકાત લેવાનું ઓછુ થઈ ગયેલ છે. જો કે આ ટેકનોલોજીની કિમંત ઊંચી હોય છે. દરેક પ્રકારની ટેકનોલોજી અમલમાં મૂકવી મોંઘી છે, પણ તેના ફાયદા અગણિત છે. બેંકિંગ ક્ષેત્રમાં ટેકનોલોજીના ફાયદામાં અમુક નીચે મુજબ ગણાવી શકાય છે. (૧) ગ્રાહકોને આપવામાં આવતી સેવાઓ ઝડપી બને છે. (૨) માહિતીની સાચવણી યોગ્ય રીતે થઈ શકે છે. (૩) રોજ-બરોજની કાર્યપદ્ધતિ જેવી કે ચેક કલીયરીંગ, પાસબુક એન્ટ્રી વગેરે સરળ અને ઝડપી બને છે. (૪) ગ્રાહકો ને ૨૪ કલાક સેવાઓ મળી રહે વગેરે.

## સાયબર રિસ્ક

ટેકનોલોજી વગર બેંકિંગ ક્ષેત્રની કલ્પના કરવી પણ હવે શક્ય નથી ત્યારે સાથે-સાથે એ વિચારવું પણ જરૂરી છે કે ફક્ત ટેકનોલોજીના આધારે બેંકિંગ ક્ષેત્રમાં કામ કરવું કેટલું યોગ્ય છે ? ડિજિટલ ટેકનોલોજીની દુનિયામાં સાયબર રિસ્કનું પ્રમાણ પણ વધી રહ્યું છે. બેંકિંગ ક્ષેત્રમાં રોજ - બરોજ સાયબર એટેકના પ્રસન્નો થતા જોવા મળી રહેલ છે. બેંકિંગ ક્ષેત્ર માટે સાયબર રિસ્ક મેનેજમેન્ટ એક મોટી ચેલેન્જ છે. બેંકિંગ ઈન્ડસ્ટ્રી વિશ્વાસનીયતા ઉપર ટકેલી છે. સાયબર એટેકથી નાણાકીય નુકસાન, માહિતીની ગોપનીયતા ન રહેવી. ખોટા વ્યક્તિના હાથમાં માહિતી જવી અને તેનો દુરુપયોગ થવો જેવા નુકસાન થાય છે. જેના કારણે સાયબર સિક્યોરીટી બેંકિંગ ક્ષેત્ર માટે ખુબ જ જરૂરી થઈ ગયેલ છે. સાયબર રિસ્ક કે સાયબર એટેક થવાના મૂળભૂત કારણોમાં અમુક નીચે મુજબ ગણાવી શકાય. (૧) સંસ્થાના કર્મચારી દ્વારા સિક્યોરીટીનો ભંગ થવાને કારણે - દા.ત. કોઈ કર્મચારીથી કોઈ ત્રાહીતને બેંકના આઈપી એડ્રેસની માહિતી આપવી કે બેંકના પોતાના પાસવર્ડ કોઈને આપવા. (૨) સાયબર સિક્યોરીટીના સાધનોમાં ખામી. જેમ કે ફાયરવોલ ના હોવું. antivirus ના હોવા (૩) ટેકનોલોજી અપગ્રેડ ન કરવાથી જેમકે, windows અપડેટ ન કરવા. IPV અપડેટ ન થવા. (૪) ગ્રાહકોમાં માહિતીના અભાવને કારણે દા.ત. ગ્રાહકો પોતાના OTP ફોન ઉપર શેર કરે, પોતાના Pin / Passwords બીજાને આપે, પાસવર્ડમાં પોતાની જન્મ તારીખ, લગ્ન તારીખ જેવા પાસવર્ડ રાખવા પણ હિતાવહ નથી. (૫) માહિતીના ગોપનીયતા ન રાખવાને કારણે - કર્મચારી દ્વારા કોઈને બેંકના ગ્રાહકની માહિતી આપવામાં આવે કે ગ્રાહકો દ્વારા કોઈને પોતાના એકાઉન્ટને લગતી માહિતી આપવામાં આવે.

## સાયબર સિક્યોરીટી

આ જોતા બેંકની IT સિસ્ટમની સાચવણી માટે, બેંકની માહિતીની ગોપનીયતા માટે, ગ્રાહકોની નાણાકીય સાચવણી માટે તથા બેંકિંગ સેવાઓ વિના નુકસાને ચાલુ રાખવા માટે સાયબર સિક્યોરીટી પોલીસી અને સાયબર સિક્યોરીટી ફ્રેમવર્ક જરૂરી છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડીયા, CERTIN જેવી સંસ્થાઓ બેંકિંગ ક્ષેત્રને સાયબર એટેક વિશે થતાં નુકશાન, સાયબર એટેકના પ્રકાર, સાયબર એટેક ના થાય તે માટે લેવાનાં પગલાં વિશે નિયમિત રીતે માર્ગદર્શન આપતા રહે છે. બેંકિંગ ક્ષેત્ર સાથે સંકળાયેલા અને બેંકમાં કર્મચારી તરીકે કાર્યરત હોઈ સાયબર સિક્યોરીટી અંગેની ફરજો આ મુજબ છે. (૧) બોર્ડ ઓફ ડિરેકટર્સની મિટિંગમાં સાયબર સિક્યોરીટી પોલીસી બનાવવી અને તેનો રિવ્યુ કરવો. (૨) માહિતીની ગોપનીયતા રાખવી. (૩) બેંકની IT સિસ્ટમ અંગેની માહિતી કોઈ ત્રાહિત વ્યક્તિને ના આપવી. (૪) સાયબર એટેકના કોઈ પ્રસન્નો ધ્યાન એવું ધ્યાને આવતા તે અંગે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા / સાયબર ક્રાઈમમાં તેની જાણ કરવી. (૫) બેંકના કર્મચારી, મેનેજમેન્ટ તથા ગ્રાહકોમાં સાયબર સિક્યોરીટી અંગે જાગૃતતા લાવવી. જેમકે, બેંક ને લગતી કોઈ પણ માહિતી કોઈને આપવી નહી. (૬) બેંકની ટેકનોલોજી - એન્ટી વાયરસ, ફાયરવોલ, કલાઉડ વગેરે સમયાંતરે અપડેટ કરાવવા. (૭) બેંકમાં પર્સનલ ઈ-મેઈલ્સ, સોશિયલ મિડીયા ત્રાહિત વેબસાઈટ વિગેરેના ઉપયોગ ઉપર પ્રતિબંધ હોવો જોઈએ. (૮) ઈન્ટરનેટ બેંકિંગ, મોબાઈલ બેંકિંગ, એટીએમ, યુપીઆઈમાં સિક્યોરીટી કંટ્રોલ્સ જેવા કે મલ્ટી ફેક્ટર ઓથેન્ટીકેશન,પાસવર્ડ પોલીસી, બાયોમેટ્રીક સિક્યોરીટી વગેરે અપડેટ રાખવા. (૯) માહિતીની નિયમિત બેક-અપ લેવી અને સમયાંતરે તે ચેક કરવી.

આમ, ટેકનોલોજી અને સાયબર સિકયોરીટી એક સિકકા ની બે બાજુ જેવા છે. ટેકનોલોજી અપગ્રેડેશન વગર બેંકિંગ ક્ષેત્ર શકય નથી અને વધતી ટેકનોલોજીથી સાયબર રિસ્કનું પ્રમાણ વધે છે. જેને એક ચેલેન્જ તરીકે લઈ તેના અંગે જાગૃતતા રાખી બેંકિંગ ક્ષેત્રને સફળ રીતે કાર્યરત રાખવું એ આપણી જવાબદારી અને ફરજ છે. સાયબર સિકયોરીટીનાં દરેક પાસાંને સમજી તેનું અનુપાલન કરવું અનિવાર્ય છે.

## આપણી વાત

પ્રો. જે. સી. વ્યાસ

### સહકારી સંસ્થાઓએ નંબર વન બનવા કરતાં શ્રેષ્ઠ કાર્ય કરવું વધુ અગત્યનું છે

સંસ્થાની સફળતામાં સમાજ જીવનના તમામ અંગોનો સીધો, આડકતરો સાથ, સહકાર અને સહયોગ હોય છે. આવો સાથ કેવી શ્રેષ્ઠ રીતે લઈ શકાય તેની કુશળતા કેળવવાની જરૂર છે. આવા પ્રયાસમાં ક્યારેક નકારાત્મક કે નિરાશાજનક પ્રતિસાદ પણ મળે. આવા સમયમાં કુનેહપૂર્વક અને દ્રઢતાપૂર્વક આગળ વધવું જોઈએ કરોળિયો. સો વાર પછડાય તો પણ પોતાનું જાળું ગુંથીને જ જંપે છે. એમ સહકારી સંસ્થાઓએ લક્ષ્યાંકો પ્રાપ્ત કરવા માટે સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ. આ કામગીરી કરવામાં સહકારી સંસ્થાના સંચાલકોને પ્રતીતિ થાય કે તેઓ સારી કામગીરી બજાવી રહ્યા છે તો સમાજના તમામ પ્રકારના વર્ગો પણ આપણી સહકારી સંસ્થામાં વિશ્વાસ રાખશે. ખુશીથી સહકાર આપવા તેમનો હાથ લાંબો કરશે.

સહકારી બેન્કોના એક કાર્યક્રમમાં જવાનું થયું. જાહેર સમારંભમાં જાહેર કરવામાં આવ્યું કે અમારી સહકારી બેન્ક ગુજરાતમાં આટલામાં ક્રમે છે. અમારી બેન્ક સભાસદોની દ્રષ્ટિએ, થાપણોની દ્રષ્ટિએ, ધિરાણની દ્રષ્ટિએ, નફાની દ્રષ્ટિએ પ્રથમ નંબરની છે. ત્યારે વિચાર આવ્યો કે શું સહકારી બેન્કોએ મોટા પ્રમાણમાં થાપણો ભેગી કરી મોટા વેપારીઓ અને ઉદ્યોગને ધિરાણ કરવાની કામગીરી બજાવવાની છે ? પીએમસી બેન્કની ઘટના બની ત્યારે અને માધવપુરા બેન્કની ઘટના બની ત્યારે આ પ્રશ્ન ફરી મનમાં ઊઠ્યો કે આવુ કેમ બનતુ હશે ? સહકારી બેન્કો અને ક્રેડીટ સોસાયટીઓ મધ્યમવર્ગ અને ગરીબવર્ગ માટેની સંસ્થાઓ છે. આ સંસ્થાઓએ મધ્યમ અને ગરીબ વર્ગ માટે કામગીરી કરી હોત તો આ ઘટના સર્જાઈ હોત ખરી ? 'મોટા એટલા ખોટા' એ ન્યાય નંબર વન બનવાની સ્પર્ધા જાગી એટલે સહકારી સિધ્ધાંતો, મૂલ્યો અને સહકારની દિશા જ ભુલાઈ ગઈ. જો નાના અને મધ્યમ વર્ગના લોકો માટે આ સંસ્થાઓએ શ્રેષ્ઠ કાર્ય કર્યા હોત તો સહકારી ક્ષેત્રની બદનામી પણ ન થઈ હોત. જે સહકારી સંસ્થાઓ પોતાનું અગત્યનું કામ બાજુએ મૂકીને આવા કાર્યો કરશે તો તેમાં શ્રદ્ધા અને વિશ્વાસ ધરાવનાર થાપણદારોનો વિશ્વાસ ડગી જશે. એટલે મોટા થવું એ મહત્તવનું નથી, પરંતુ દરેક સહકારી સંસ્થાનું એક આગવું વર્ક કલ્ચર હોય છે. તેમાં સભાસદો, થાપણદારો, ધિરાણ લેનારાઓ અને સંચાલકોની તેમના કાર્યક્ષેત્ર અને વ્યવસાય પ્રમાણે એક અલગ કાર્ય સંસ્કૃતિ હોય છે. દરેક સંસ્થા પોતાની બ્રાન્ડ ઈમેજ ઉભી કરવા સખત પરિશ્રમ કરતી હોય છે. અનુકુળ તેમજ પ્રતિકુળ સંજોગોમાં સંચાલકો અને કર્મચારીઓના પ્રયાસ અને અદમ્ય ઈચ્છાને કારણે સંસ્થા પ્રગતિના ઉચ્ચ શિખરો સર કરતી હોય છે. આ માટે સંચાલકોનો માઈન્ડ સેટ અને કર્મચારીઓની કાર્યકુશળતા મહત્વનો ભાગ ભજવે છે. સંચાલકોની તીવ્ર ઈચ્છા શક્તિ સફળતા મેળવવામાં સૌથી મહત્વનો ભાગ ભજવે છે. તેમને પોતાની જાત ઉપર ગજબનો વિશ્વાસ હોય છે. તેઓ પોતે જ કહે છે તે કરવાના આગ્રહી હોય છે. કર્મચારીઓને પણ સંચાલકોમાં જબરજસ્ત વિશ્વાસ હોય છે. જે સંસ્થાના સંચાલકો પોતાના કર્મચારીઓ ઉપર વિશ્વાસ રાખતા ન હોય તો તેઓ કર્મચારીઓ પાસેથી કેવી અપેક્ષા રાખી શકે ? જે સંસ્થાના સંચાલકો પોતાના ધ્યેયમાં અડગ શ્રદ્ધા રાખતા હોય અને ઉત્સાહથી ભરપૂર હોય તો તેઓ કર્મચારીઓને પ્રેરક બળ પૂરું પાડે છે. કર્મચારીઓ પણ સંચાલકોના જુસ્સા સાથે કદમ મિલાવીને આગળ વધવા અને સંસ્થાને આગળ ધપાવવા નિરંતર પ્રયત્નશીલ રહે છે.

આજનો યુગ જ્ઞાન આધારિત છે. સહકારી સંસ્થાઓ જે કાંઈ કરવા માગતી હોય તેના વિશે તેમની પાસે ઊંડું અને બહોળું જ્ઞાન હોવું જોઈએ. આવું જ્ઞાન ધ્યેય સિદ્ધિ માટેનો પ્લસ પોઈન્ટ બની શકે. સહકારી સંસ્થાઓએ સફળતા મેળવવા માટે જ્ઞાન પ્રાપ્તિ સાથે સમાજ જીવનના ભિન્ન ભિન્ન અંગો સાથે સારો વ્યવહાર જાળવવો પડે. સમાજ જીવનમાં ભિન્ન ભિન્ન વર્ગો, તેના વ્યવસાયો વગેરેની શું જરૂરિયાત છે ? તેઓ આપણી સંસ્થા વિશે શું વિચારે છે ? અને કેવો અભિપ્રાય ધરાવે છે ?તે જાણવું જરૂરી છે.

# સહકારી સંસ્થાની સફળતા અને બોર્ડના સભ્યોની સક્રિયતા

સહકારના સાત પુર્નરચિત સિધ્ધાંતોને ધ્યાનમાં રાખીને વિચારીએ તો સહકારી સંસ્થાઓની સફળતા અને બોર્ડના સભ્યોની સક્રિયતા એ સિક્કા ની બે બાજુ સમાન છે. કોઈપણ સહકારી સંસ્થા તે ગ્રામકક્ષાએ હોય કે રાષ્ટ્રીય લેવલની હોય તેના બોર્ડ સભ્યની ઉમદા છાપ, નિષ્કામ સેવા, પારદર્શક વહીવટ અને સક્રીયતા જ તેની સફળતાનો આધારસ્તંભ હોય છે.

આજે જ્યારે સહકારી પ્રવૃત્તિ ગુજરાત રાજ્ય અને સમગ્ર દેશની આર્થિક કરોડરજ્જુ સમાન ઊભરી છે, અને દેશની આઝાદી પહેલાથી કાર્યરત સહકારી પ્રવૃત્તિ આજે તેની સફળતાની ટોચ પર છે ત્યારે એવી સંસ્થાઓના મુખ્ય સંચાલકો અને સ્થાપક પ્રમુખોની નિષ્કામ સેવા અને સમાજ તથા સંસ્થા પ્રત્યેનો સમર્પણ ભાવની નોંધ સમગ્ર રાષ્ટ્રએ લેવી જોઈએ.

આપણી સમક્ષ ઈફકો, ક્રૂભકો અને અમૂલ જેવા દેશ અને દુનિયામાં નામના ધરાવનાર સહકારી એકમો છે. તેમના સ્થાપક પ્રમુખો અને સંચાલક મંડળના સભ્યોની મૂલ્યનિષ્ઠા અને વહિવટી નિષ્ઠાથી જ આ સંસ્થાઓએ આજે પણ વૈશ્વિક નામના અને પ્રતિષ્ઠા ઉભી કરી છે. દેશના ખૂણે - ખૂણા સુધીના લોકોને અને ખેડૂતોને તેનો લાભ મળે છે. કોર્પોરેટ જગત માટે પણ આ સહકારી સંસ્થાઓ દષ્ટાંત રૂપ બની છે ! આપણે સૌ સહકારી કાર્યકરો માટે તે ગૌરવરૂપ બાબત છે.

મિલ્કમેન ડૉ. વર્ગિસ કુરિયન, ત્રિભોવન પટેલ, ભાવનગરના પનોતા પુત્ર વૈકુંઠ મહેતા અને પોરબંદરના મહારાજા ઉદયભાણસિંહજીના નામો ઈતિહાસમાં સુવર્ણ અક્ષરોથી લખાયેલા છે. તેમની જીવનયાત્રા અને કાર્યશૈલીનો અભ્યાસ સહકારી સંસ્થાઓમાં હાલમાં કાર્યરત યુવા પેઢી સુધી પહોંચાડવો જોઈએ. ઉપરોક્ત આપણા આ રાષ્ટ્રીય સહકારી આગેવાનોએ તેમનો સહકારિતા પ્રત્યેનો સમર્પણ ભાવ અને નિષ્કામ વહીવટથી જ આ સંસ્થાઓને દષ્ટાંતરૂપી વિકસાવી અને જન-જનના હૃદયમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે. દેશના વિકાસનો એક યુગ તેમની આ પ્રવૃત્તિમાંથી પસાર થાય છે તેમ કહેવું અતિશોક્તિ ભર્યું નથી.

સભાસદોમાં વિશ્વાસ ઊભો કરવા અને સહકારી સંસ્થાને સમૃધ્ધકરવામાં તેના હોદ્દેદારો અને દરેક બોર્ડ મેમ્બરોની ભૂમિકા અને સક્રિયતા બહુ મહત્વની હોય છે. દરેક બોર્ડ સભ્યો સંસ્થાના સુચારું સંચાલન અને સફળતા માટેજાગૃત રહે તે માટે તેનામાં નીચે મુજબની લાક્ષણિકતાઓ અને સદ્‌ગુણો હોવા જોઈએ તેવું મારું માનવું છે.

## એમ. એસ. કો. ઓપ.બેંક લિ. - રજત જયંતિ પર્વ (1997 - 2022)

### અભ્યાસુ અને તાલીમ :

સહકારી સંસ્થાઓનો વહીવટ કરનાર તેના બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યો શિક્ષિત અને અભ્યાસુ હોવા જોઈએ જેથી સંસ્થાના વહીવટ માટે આવી રહેલ નવી ટેકનોલોજી વિશે જ્ઞાન મેળવી શકે. પોતાની સંસ્થાના પ્રગતિ અને વિકાસ માટે નવી - નવી તાલીમ લેવા માટે પણ હંમેશા તત્પર રહેવા જોઈએ.

### સ્વહિતથી મોટું સભાસદહિત :

છેલ્લા બે દાયકામાં સહકારી બેંકો અને ખરીદવેચાણ સંઘો કે ક્રેડિટ સોસાયટીઓમાં ગેરવહીવટ અને ભ્રષ્ટાચારીરૂપી સડો લાગી ગયો છે. સભાસદોના નાણાં ડુબ્યા છે અને સામાન્ય નાગરિકોનો વિશ્વાસ સહકારી સંસ્થાઓમાં રહ્યો નથી. જેનું કારણ બોર્ડ સભ્યોનો ભ્રષ્ટ વહીવટ છે. સભાસદોના નાણાનું હિત જોતા નથી. સ્વહિત માટે ભ્રષ્ટાચાર આચારવામાં આવે છે. સહકારી સંસ્થાઓમાં આ હીનપ્રવૃત્તિ સંદતર બંધ થવી જોઈએ. તેના પર કડક પગલાં લેવાની પણ જોગવાઈ હોવી જોઈએ.

### સ્વચ્છ અને પારદર્શક વહીવટ :

બોર્ડના સભ્યો સહકારી સંસ્થામાં પારદર્શક અને ભ્રષ્ટાચાર વિહિન સંચાલનના આગ્રહી હોવા જોઈએ. તેના માટે દરેક બોર્ડ સભ્યોએ જાગૃત રહેવું જોઈએ.

### દ્દષ્ટિ અને વિઝન :

૧૨૦ વર્ષ જૂની સહકારી સંસ્થાઓ આજે પણ અવિરત વિકાસના પંથે છે. આપણા રાજ્યના ફેડરેશનો જેવા કે ગ્રેઈન ગ્રોવર્સ ફેડરેશન, ગુજરાત હેન્ડલુમ હેન્ડિક્રાફ્ટ ફેડરેશનના અહેવાલો દર્શાવે છે કે દિન-પ્રતિદિન નફો વધ્યો છે. નફાની વહેંચણી સભાસદ મંડળીઓને ડિવિડન્ડ અને ભેટ સ્વરૂપે આપવામાં આવે છે. તેમના પ્રમુખો અને બોર્ડ સભ્યોની દીર્ઘ દ્દષ્ટિ અને વિઝનરી સંચાલનના આ ઉત્તમ ઉદાહરણો છે જે દરેક અપનાવવા જોઈએ.

### કાયદા વિશેનું જ્ઞાન :

સહકારી સંસ્થાઓમાં સરકારી દખલગીરી અને વિઘ્નસંતોષી વ્યક્તિઓ દ્વારા ઉત્પન્ન થતી કનડગતનો સામનો કરવા અને તેની ખરાબ અસરો સંસ્થાના વિકાસમાં અવરોધરૂપ ન બને તે માટે હોય કે ક્યારેક પેટાકાયદો સુધારવાની જરૂરિયાત ઊભી થઈ હોય ત્યારે સહકારી કાયદો અને છેલ્લામાં છેલ્લા સુધારાનું જ્ઞાન બોર્ડના સભ્યોને હોવું જોઈએ.

### સંસ્થા પ્રત્યે સમપર્ણ ભાવ :

સહકારી સંસ્થાઓમાં સભાસદો અને તેની સાથે સંકળાયેલ સંગઠનોનો વિશ્વાસ ટકાવી રાખવા માટે સંસ્થાના હોદ્દેદારોનો સમર્પણ ભાવ બહુ જરૂરી છે. સમર્પિત વ્યક્તિઓ જ સંસ્થાને સફળ બનાવે છે અને હરિફાઈના આ યુગમાં ટકાવી રાખે છે.

### રાજકીય દાવપેચ કે જ્ઞાતિવાદ વિહીન સંચાલન :

દરેક બોર્ડ સભ્યો અને હોદ્દેદારો પોતાની સંસ્થાને રાજકારણ, પક્ષાપક્ષી અને જ્ઞાતિવાદથી દુર રાખે તે સંસ્થાના હિત માટે બહુ જરૂરી છે અને તો જ આ સહકારી પ્રવૃત્તિ અલગ રીતે દીપી ઉઠશે.

### સમાજ પ્રત્યેનું ઉત્તરદાયીત્વ :

હંમેશા સહકારી સંસ્થાઓના હોદ્દેદારો, બોર્ડ મેમ્બરો સંસ્થાના અને સભાસદોના હિતમાં ક્યારે અને કેવાં પગલાં લેતા હોય છે તેનું અને બોર્ડના દરેક સભ્યોની વહીવટી બાબતમાં તેની 'સક્રિયતાથી સંસ્થા સમૃધ્ધ બનેલી છે તેની નોંધ સમાજમાં લેવાતી જ હોય છે. આવા વ્યક્તિઓ નવી પેઢીનું રોલમોડેલ બનતા હોય છે.

હાલ માં રાષ્ટ્ર અને સમગ્ર દુનિયા કોરોના મહામારીનો સામનો કરી રહ્યા છે. છતાં પણ સહકારી પ્રવૃત્તિમાં ઓટ નથી આવી. સમાજ પ્રત્યેનું ઉત્તરદાયીત્વ દરેક સહકારી સંસ્થાના બોર્ડ ઓફ મેનેજમેન્ટે બરાબર નીભાવ્યું પછી એ સરકાર હોય કે સમાજ દરેકની અપેક્ષા મુજબની સેવાઓ પૂરી પાડવામાં સહકારી આગેવાનો ખૂબ સક્રિય રહ્યા છે.

આવી જ રીતે સહકારી સંસ્થાઓ સફળ થાય સમાજના અને દેશના હિતમાં આપણે સૌ શુભનિષ્ઠાથી કાર્ય કરીએ તે જ સાચી સક્રિયતા........

જય હિન્દ, જય સહકાર.................

# બેન્કિંગ રેગ્યુલેશન એક્ટ (એમેન્ડમેંટ) ૨૦૨૦

૧૯૪૯માં બેન્કિંગ રેગ્યુલેશન એક્ટ અમલમાં આવ્યો તે સમયથી ભારતમાં કાર્યરત તમામ બેંકોને આ કાયદો લાગુ કરવામાં આવ્યો... રિઝર્વ બેંકોનું બેંકો પર નિયંત્રણ બે કાયદા દ્વારા થાય છે. (૧) રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા એક્ટ ૧૯૩૪ અને (૨) બેન્કિંગ રેગ્યુલેશન એક્ટ ૧૯૪૯.

૧૯૬૯ અને ૧૯૮૦ના રાષ્ટ્રીયકરણ પછી આ કાયદા ચરિતાર્થ થતા દેખાયા... સહકારી પ્રવૃત્તિ માટે ૧૯૦૪નો કાયદો ૧૯૧૩ અને ૧૯૧૯ના કાયદા અસ્તિત્વમાં હતા.... સમયાંતરે દરેક રાજયનો સહકારી કાયદો થયો ... પરંતુ જયારે સોસાયટીમાંથી બેંક થયેલ ભારતની પ્રથમ બેંક અન્યોન્ય સહકારી બેંક (જે બંધ થઈ ગઈ છે.) અને સહકારી બેંક તરીકે સ્થપાયેલ પ્રથમ રજિસ્ટર્ડ સહકારી બેંક એટલે ધી સુરત પીપલ્સ કો. ઓપ. બેંક લિ. સહકારી કાયદા હેઠળ કાર્યરત સંસ્થા જે પાછળથી બેંક થઈ તેના પર બેવડા અંકુશો આવ્યા. સહકારી કાયદો અને બેન્કિંગ કાયદો....બેન્કિંગ રેગ્યુલેશન એક્ટની કેટલીક કલમો ૧૯૬૬થી સહકારી બેંકને લાગુ કરવામાં આવી તે પછી સહકારી બેંકના સંચાલકો દ્વારા જેવી રીતે કૌભાંડો થયા તેના કારણે કરોડો ડિપોઝીટરોના નાણાં, કર્મચારીની નોકરી અને બેંકના અસ્તિત્વ સામે મોટા પ્રશ્નાર્થ ઊભા થયા. આ સંદર્ભમાં રિઝર્વ બેંક જુદી જુદી કમિટિઓની નિમણૂક કરતી ગઈ, કમિટિઓ ભલામણો આપતી રહી, કેટલીક ભલામણો દફતરે... આ સ્થિતિ પછી પણ કેટલીયે સહકારી બેંકો બંધ થતી ગઈ.... કલમ ૩૫-એનું શસ્ત્ર રિઝર્વ બેંક ઉગામતી રહી... તેમાં મોટો ભૂકંપ થયો... પંજાબ, મહારાષ્ટ્ર કો. ઓપ. બેંકના કરોડો થાપણદારોના નાણાં જોખમાયા.... રિઝર્વ બેંકના ઓડિટના અને અંકુશ પર દેશમાં શંકા થવા લાગી.

## તા. ૩૧-૦-૨૦૨૦ના રોજની દેશમાં સહકારી બેંકોની કેટલીક આંકડાકીય માહિતી...

| કુલ અર્બન બેંકસ - ૧૫૩૯ | શિડયુઅલ્ડ અર્બન બેંકસ - ૫૪ | નોન શિડયુલ્ડ અર્બન બેંકસ - ૧૪૮૫ |
|---|---|---|

(રૂા. કરોડમાં)

| ટાયર બેંકસ | કુલ બેંકસ નંબર | % | ડિપોઝીટ રકમ | % | ધિરાણ રકમ | % | કુલ | (મિલકત) % |
|---|---|---|---|---|---|---|---|---|
| ટાયર વન | ૮૯૨ | ૫૮% | ૩૮૪૮૭ | ૭.૭% | ૨૨૩૪૯ | ૭.૩% | ૪૯૧૯૪ | ૭.૯% |
| ટાયર ટુ | ૬૪૭ | ૪૨% | ૪૬૨૭૨૨ | ૯૨.૩% | ૨૮૩૧૦૩ | ૯૨.૩% | ૫૭૪૭૧૧ | ૯૨.૧૦% |
| કુલ અર્બન બેંકસ | ૧૫૩૯ | ૧૦૦% | ૫૦૧૨૦૮ | ૧૦૦% | ૩૦૫૪૫૩ | ૧૦૦% | ૬૨૩૯૦૫ | ૧૦૦% |

બેન્કિંગ રેગ્યુલેશન એકટમાં થયેલ સુધારાથી હવેથી દરેક શહેરી સહકારી બેંકો તરીકે ઓળખાશે.... અને આ સુધારા કોઈપણ કાયદાથી સર્વોપરી રહેશે..... એટલે બીજા કોઈપણ કાયદામાં ગમે તે જોગવાઈ હશે તે જોગવાઈ આ સુધારાથી રદબાતલ સમજવાની રહેશે.

કલમ ૧૦ એ : બોર્ડ ઓફ ડિરેક્ટર્સ માં વ્યાવસાયિક અભિગમ કોઈપણ સહકારી બેંકના બોર્ડના કુલ ૫૧% ડિરેક્ટર્સ પ્રોફેશનલ હોવા જોઈએ. જેમને એકાઉન્ટસ, એગ્રિકલ્ચરલ, રૂરલ ઈકોનોમિક્સ, કો-ઓપરેશન, ઈકોનોમિક્સ, ફાઈનાન્સ, લૉ, એસ.એસ.આઈ અથવા એવા કૌશલ્ય કે જે બેંકને ઉપયોગી થાય. આ કૌશલ્યમાં બે ડાયરેક્ટર્સને એગ્રિકલ્ચરલ, રૂરલ ઈકોનોમિક્સ કે કો-ઓપરેશન અથવા એસ.એસ.આઈ. નું જ્ઞાન હોવું જોઈએ.

કોઈપણ ડાયરેક્ટર (ચેરમેન સિવાય) આઠ વર્ષથી વધારે ડાયરેક્ટર્સ તરીકે રહી શકશે નહી.

જો કોઈ ડાયરેક્ટર કે ચેરમેનને બીજા કોઈ કાયદાથી દૂર કરશે તો તે બેંકમાંથી પણ બરતરફ થશે અને તે સંજોગોમાં તે ફરી પાછા ૪ વર્ષ સુધી ડાયરેક્ટર બની શકશે નહીં અથવા કો-ઓપ્ટ. કરી શકાશે નહીં.

જો કોઈ સહકારી બેંકમાં પ્રોફેશનલ ડાયરેક્ટર્સ નહીં હોય તો તેવું બોર્ડ ફરી પાછું બનાવવું પડશે અને એમ કરતા કોઈ ડાયરેક્ટરને કાઢવા પડશે તો તે કાઢી મૂકી શકશે અને આ નિર્ણય અંતિમ ગણાશે.

જો કોઈ સહકારી બેંકમાં આમ ન કરી શકે તો રિઝર્વ બેંક તે બેંકને બે માસની નોટિસ આપશે બોર્ડ ફરી પાછું બનાવવા, તેમ છતાં બેંક નિષ્ફળ રહે તો રિઝર્વ બેંક કેટલાક ડિરેક્ટર્સને દૂર કરશે. અને યોગ્ય વ્યક્તિને નિમણૂંક આપશે અને આવી વ્યક્તિ ચૂંટાઈને આવી છે તેવું માનવાનું રહેશે. આ નિર્ણય સામે કોઈ પણ જગ્યાએ અપીલ થઈ શકશે નહીં.

કલમ ૧૦ બી : બેંક પૂર્ણ સમયના ચેરમેનથી ચાલશે જેની નિમણૂંક બોર્ડ દ્વારા થશે. જો બોર્ડ પાર્ટ ટાઈમ ચેરમેનની નિમણૂંક કરવા માંગતી હશે તો તેણે રિઝર્વ બેંકની પરવાનગી મેળવવી પડશે.

પૂર્ણ સમયના ચેરમેન કે પૂર્ણ સમયના મેનેજિંગ ડિરેક્ટર પાંચ વર્ષ સુધી હોદ્દા પર રહી શકશે, પાંચ વર્ષ પછી તેઓ ફરી નિમણૂંકને પાત્ર રહેશે.

કલમ ૧૦ બીબી : જો બોર્ડમાં ચેરમેનની જગ્યા ખાલી હશે તો તે જગ્યા પર રિઝર્વ બેંક કોઈની નિમણૂંક કરશે જેની મુદત ૩ વર્ષની રહેશે જે ફરી નિમણૂંકને પાત્ર રહેશે જેના પગાર ભથ્થા રિઝર્વ બેંક નક્કી કરશે અને ચૂકવણી બેંકે કરવાની રહેશે.

કલમ ૧૦ સી : જો કોઈ પૂર્ણ સમયના ચેરમેન કે મેનેજિંગ ડિરેક્ટર્સની નિમણૂંક રિઝર્વ બેંક કરશે તો તેવા સંજોગોમાં તે જે તે બેંકના શેર્સ ધારણ ન કરતા હશે તો પણ ચાલશે.

કલમ ૧૦ ડી : જો રિઝર્વ બેંક ચેરમેન, મેનેજિંગ ડિરેક્ટર ડિરેક્ટર્સને તેમના હોદ્દા પરથી દૂર કરશે તો તેઓ કોઈપણ વળતર માંગી શકશે નહીં.

કલમ ૧૨: કોઈપણ સહકારી બેંક રિઝર્વ બેંકની પૂર્વ મંજૂરી વિના તેના એરિયા ઓફ ઓપરેશનમાં રહેતા ખાતેદાર કે અન્ય લોકોને શેર્સ ઈસ્યુ કરી શકશે. ઈકવીટી શેર્સ / ડિબેન્ચર / બોન્ડ (૧૦ વર્ષથી ઓછી મુદતના).

કોઈપણ શેર હોલ્ડર તેના શેર્સ પાછા જે તે સહકારી બેંકને આપી શકશે નહીં કે કોઈપણ સહકારી બેંકને તેની શેરમૂડી ઓછી કરી શકશે નહિ. જો કે આ સંદર્ભમાં રિઝર્વ બેંકે સ્પષ્ટતા કરી કે જે સહકારી બેંકનો કેપિટલ એડીકવેશી રેશિયો ૯% હશે તે સહકારી બેંક તેના શેર્સ બાયબેક કરી શકશે.

કલમ ૧૨ એ : ડાયરેક્ટરની ચૂંટણી માટે કે સાધારણ સભા માટે રિઝર્વ બેંક બે માસ પહેલા કોઈપણ સહકારી બેંકને સૂચના આપી શકશે. આમ કરવાથી તે ડાયરેક્ટર ચૂંટાય તે બાકી રહેતી મુદત માટે ડાયરેક્ટર્સ તરીકે રહી શકશે અને આ પ્રક્રિયા સામે કોઈપણ કોર્ટમાં અપીલ કરી શકશે નહિં.

કલમ ૧૨ બી : કોઈપણ વ્યક્તિ જે તે સહકારી બેંકની ભરપાઈ થયેલ શેરમૂડીના ૫% થી વધારે શેર્સ ધારણ કરી શકશે નહિ. હા, રિઝર્વ બેંક પોતે ૫%થી વધારે ધારણ કરવા અંગેનો ઓર્ડર કરી શકશે.

કલમ ૧૩ : મૂડી ઊભી કરવા અંગેની પ્રક્રિયામાં કોઈપણ સહકારી બેંક ૨.૫%થી વધારે કમિશન કે વટાવ આપી શકાશે નહિ.

કલમ ૧૫ : કોઈપણ સહકારી બેંકે તેના મૂડી ખર્ચાને પૂરેપુરી ન વાળે ત્યાં સુધી ડિવિડન્ડ આપી શકશે નહિ અથવા જો માંડી વાળવાની સામે જે તે સહકારી બેંક પાસે પૂરતા પ્રોવિઝન હશે તો જ તે ડિવિડન્ડ આપી શકશે.

કલમ ૧૬ એ : રિઝર્વ બેંકની નિમણુંક સિવાય કોઈપણ ડાયરેક્ટર્સ બીજી કોઈ સહકારી બેંકમાં ડાયરેક્ટર તરીકે રહી શકશે નહિ. ઓડિટરની નિમણુંક કે તેને કાઢી મૂકવા માટે સહકારી બેંકે રિઝર્વ બેંકની મંજૂરી મેળવવી પડશે.

લોકહિત કે થાપણદારોના હિત માટે રિઝર્વ બેંક કોઈપણ સમયના કોઈપણ વ્યવહારનું ઓડિટ કરાવી શકશે જેનો ખર્ચો જે તે સહકારી બેંકે ભોગવવાનો રહેશે.

કલમ ૩૫ બી : ચેરમેન / એમ.ડી. કે ડાયરેક્ટર્સની મહત્તમ સંખ્યા તેમની નિમણુંક, પુનઃ નિમણુંક કે રદ કરવા તેમની ફી નક્કી કરવા જેવા કાર્ય માટે જો કોઈ સહકારી બેંક તેના પેટા નિયમમાં સુધારો કરવા માંગતી હશે તો તેણે તે માટે રિઝર્વ બેંકની મંજૂરી મેળવવી પડશે. જો મંજૂરી ન લીધી હશે તો તેવા સુધારા રદબાતલ ગણાશે.

કલમ ૩૬ : કેટલીક વધારાની સત્તા રિઝર્વ બેંકને આ કલમ હેઠળ મળી છે જેમ કે.....

(૧) કોઈ વ્યવહાર માટે રિઝર્વ બેંક સહકારી બેંકને ચેતવણી આપશે અથવા એવા વ્યવહારો અટકાવશે.

(૨) જો કોઈ સહકારી બેંક મર્જરને માટે રિઝર્વ બેંકને કહેશે તો રિઝર્વ બેંક તેવી બેંકને મદદ કરશે.

(૩) જાહેર જનતા કે થાપણદારોના હિત માટે રિઝર્વ બેંક બોર્ડ ઓફ ડાયરેક્ટર્સની મિટિંગ બોલાવી શકશે અથવા જે તે બેંકના ઓફિસર્સને રિઝર્વ બેંકના ઓફિસર્સ સાથે વાત કરવાનું કહી શકાશે.

(૪) રિઝર્વ બેંક તેના પ્રતિનિધિને બોર્ડ ઓફ ડિરેક્ટર્સની મિટિંગમાં હાજર રાખી શકશે.

(૫) રિઝર્વ બેંક સહકારી બેંકોને તેના મિટિંગના એજેન્ડા કે તે અંગેના પત્ર વ્યવહાર માંગી શકશે.

(૬) રિઝર્વ બેંક તેના ઓફિસર્સને બેંકના કે તેની શાખાના વહીવટ પર ધ્યાન રાખવા મોકલી શકશે.

(૭) સહકારી બેંકના મેનેજમેન્ટમાં રિઝર્વ બેંક કોઈપણ સુધારો કરાવી શકાશે.

કલમ ૩૬ એએ : લોકહિત / થાપણદારોના હિતમાં કે સુચારુ વહીવટ માટે રિઝર્વ બેંક સહકારી બેંકના બોર્ડના સભ્ય કે કર્મચારીને તેમની સત્તા પરથી દૂર કરી શકશે. આમ કરતા તેને સંભાળવાની તક આપશે. કેટલાક સંજોગોમાં એ તક ન પણ આપે અને તાત્કાલિક અસરથી દૂર કરશે. આ સામે જે વ્યક્તિ ૩૦ દિવસની અંદર કેન્દ્ર સરકારને અપીલ કરશે..... કેન્દ્ર સરકારનો નિર્ણય આખરી ગણાશે, જે સામે કોઈપણ જગ્યાએ અપીલ કરી શકાશે નહિ.

જો રિઝર્વ બેંક કોઈપણ ડિરેક્ટર / કર્મચારીને દૂર કરશે તો તે પાંચ વર્ષ સુધી ફરી પાછા પોતાનું સ્થાન લઈ શકશે નહિ; જે સામે રિઝર્વ બેંક અન્ય વ્યક્તિની ૩ + ૩ કુલ ૬ વર્ષ માટે ઈચ્છે તો નિમણુંક કરી શકશે.

સહકારી બેંકના બોર્ડને રિઝર્વ બેંક પાંચ વર્ષ માટે બરખાસ્ત કરી શકશે. આમ કરતાં પહેલાં રિઝર્વ બેંક જે તે રાજ્ય સરકારનો અભિપ્રાય માંગશે. બરખાસ્ત કર્યા પછી રિઝર્વ બેંક વહીવટદારની નિમણુંક યોગ્ય સમય માટે કરશે. વહીવટદારને મદદ કરવા રિઝર્વ બેંક કમિટિ બનાવશે જેમાં વ્યવસાયિક જ્ઞાનવાળા ત્રણ કે વધારે વ્યક્તિ હશે. વહીવટદાર અને કમિટીના સભ્યોનો પગાર રિઝર્વ બેંક નક્કી કરશે જે સહકારી બેંકે ચુકવવાનો રહેશે.

કલમ ૩૬ એડી : જો કોઈ વ્યક્તિ બેંકના કર્મચારી કે અન્યને બેંકમાં જતા અટકાવે, બેંકની સેવામાં અડચણ ઊભી કરે / અવરોધ કે ધરણા / પ્રદર્શન કરે તો તેને ૬ માસની જેલ અને ૧૦૦૦ રૂપિયાનો દંડ અથવા બંને કરી શકશે.

સદર સુધારાઓથી સહકારી માળખું મજબૂત બનશે
પરંતુ સાથે સાથે જે તે રાજ્યોએ તેમના સહકારી કાયદાઓ
પણ સુધારવા પડશે.
બેન્કિંગ રેગ્યુલેશન એક્ટ સુધારાનું અમલીકરણ રિઝર્વ બેંક
ધીમે ધીમે કરી રહી છે જેને જોતા આવતા પાંચ વર્ષમાં સહકારી
ક્ષેત્રોમાં મોટું પરિવર્તન આવશે અને કદાચ સહકારી બેંકોની કુલ
સંખ્યામાં ઘટાડો જોવા મળશે.

## એમ. એસ. કો. ઓપ.બેંક લિ. - રજત જયંતિ પર્વ (1997 - 2022)

## બેન્કની સ્થાપના, સુભાનપુરા ખાતે ઉદ્‌ઘાટન સમારોહ યોજેલ તેની તસ્વીરો













# સુભાનપુરા શાખાના સ્થળાંતર સમયે યોજેલ સમારોહની તસ્વીરો













**બેન્કની નિઝામપુરા શાખાના જુની બિલ્ડીંગ તેમજ નવા સ્થળે હેડઓફિસ સહીત આરંભ કરેલ તેની તસ્વીરો**











# બેન્કના શુભપ્રસંગોએ હાજર રહેલા મહાનુભાવોની તસવીરો











# બેન્કની માંજલપુર શાખાના શુભારંભ પ્રસંગે યોજેલ સમારોહની તસવીરો










# ગોત્રી શાખાના શુભારંભ પ્રસંગે યોજેલ સમારોહની તસ્વીરો










બેન્કના વરિષ્ઠ અધિકારીને વિદાય આપતા સમારંભની ઝલક



ગુજરાત અર્બન બેન્કસ ફેડરેશન, અમદાવાદ દ્વારા બેન્કની કામગીરીને બિરદાવતા પ્રસંગની ઝલક

# બેન્કના સભાસદ શ્રી ભરતભાઈ શાહની વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયર તરીકે વરણી થતાં યોજેલ સન્માન સભારંભની ઝલક







## એમ. એસ. કો. ઓપ.બેંક લિ. - રજત જયંતિ પર્વ (1997 - 2022)

### વર્ષોવર્ષ યોજાતી વાર્ષિક સાધારણ સભા તેમજ હાજર રહેલ સભાસદોની થોડીક ઝલક















બેન્ક દ્વારા આયોજીત કસ્ટમર મીટની ઝલક

## એમ. એસ. કો. ઓપ.બેંક લિ. - રજત જયંતિ પર્વ (1997 - 2022)


### બેન્ક દ્વારા આયોજીત રોગ નિદાન શિબીરની ઝલક









## એમ. એસ. કો. ઓપ.બેંક લિ. - રજત જયંતિ પર્વ (1997 - 2022)

### બેન્ક દ્વારા આયોજીત બ્લડ ડોનેશન કેમ્પની તસવીરો







## આદર્શ નારી - મહીલા શિબીર અન્વયે યોજેલ સમારંભમાં બ્રહ્માકુમારી મંજુબેન, હોદ્દેદારો તેમજ ઉપસ્થિત મહીલાઓની ઝલક












બેન્ક દ્વારા સભાસદોને અવારનવાર અપાતી
ભેટ વિતરણની ઝલક





**બેન્ક દ્વારા સભાસદોને કોમ્પ્યુટર/ લેપટોપ વ્યાજ રહિત લોનથી વિતરણ કરેલ તે સમારંભની તસ્વીર**



## બેન્ક દ્વારા વ્યાજ રહિત લોન - વ્યાજબી ભાવના ટુ-વ્હીલર માટે યોજેલ કાર્યક્રમની ઝલક



# બેન્કના કર્મચારીઓને નિષ્ણાત દ્વારા અપાયેલ ટ્રેનીંગની ઝલક







વરિષ્ઠ સભાસદોને તાલીમ અંગેનો કાર્યક્રમ યોજેલ તેની ઝલક





## શૈક્ષણિક પ્રોત્સાહક ઈનામ વિતરણની યોજના હેઠળ યોજેલ કાર્યક્રમોની ઝલક





એમ. એસ. કો. ઓપ.બેંક લિ. - રજત જયંતિ પર્વ (1997 - 2022)



# આભાર સહ........

એમ. એસ. કો. ઓપ.બેંક લિ. - રજત જયંતિ પર્વ (1997 - 2022)

# એમ.એસ.કો-ઓ.બેંક લિમિટેડ

**રજી. ઓફિસ, હેડ ઓફિસ અને નિઝામપુરા શાખા :**
**એમ.એસ.પ્લાઝા, અભિલાષા ચાર રસ્તા, ન્યુ સમા રોડ,**
**વડોદરા-૩૯૦ ૦૨૪. ફોન : ૨૭૧૩૪૩૩,૨૭૧૩૪૩૪, ૨૭૧૩૪૩૫**

E-mail : ho@mscbank.co.in website: www.mscobank.com




1997 - 2022

## : અન્ય શાખાઓ :

**: સુભાનપુરા શાખા :**
શિવાલીક કોમ્પલેક્ષ,
સુભાનપુરા મેઈન રોડ,
વડોદરા-૩૯૦૦૨૩
ફોન : [illegible]

**: માંજલપુર શાખા :**
[illegible] કોમ્પલેક્ષ, [illegible],
અતિથિગૃહની સામે, [illegible] રોડ
વડોદરા-૩૯૦૦૧૧
ફોન : [illegible]

**: ગોત્રી રોડ શાખા :**
[illegible] કોમ્પલેક્ષ,
હરિનગર ચાર રસ્તા, ગોત્રી રોડ,
વડોદરા-૩૯૦૦[illegible]
ફોન : [illegible]